
| | | | |
|---|---|---|---|
| | | માં પડતા સાહેદએટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | |

## પ.૨ ફરીયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| (૧) | આરોપીનું અટક પંચનામુ | ૧૮ |
| (૨) | મરણ જનારનું બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |
| (૩) | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૩ |
| (૪) | મુદામાલ આર્ટીકલ 'એ' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૨૪ અને ૨૫ |
| (૫) | મુદામાલ આર્ટીકલ 'બી' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૨૬ અને ૨૭ |
| (૬) | મુદામાલ આર્ટીકલ 'સી' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૨૮ અને ૨૯ |
| (૭) | મુદામાલ આર્ટીકલ 'ડી' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૩૦ અને ૩૧ |
| (૮) | મુદામાલ આર્ટીકલ 'ઈ' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૩૨ અને૩૩ |
| (૯) | મુદામાલ આર્ટીકલ 'એફ' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૩૪ અને ૩૫ |
| (૧૦) | મુદામાલ આર્ટીકલ 'જી' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૩૬ અને ૩૭ |
| (૧૧) | મુદામાલ આર્ટીકલ 'એચ' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૩૮ અને ૩૯ |
| (૧૨) | મુદામાલ આર્ટીકલ 'આઈ' માંથી નીકળેલ એફ.એસ.એલ. સ્લીપ અને પંચસ્લીપ | ૪૦ અને ૪૧ |
| (૧૩) | ઈન્કવેસ્ટ પંચનામુ | ૪૪ |
| (૧૪) | આરોપીને હસ્તગત કર્યાનું પંચનામુ | ૪૮ |

DISTRICT & SESSIONS COURT JUNAGADH. JUNAGADH DISTRICT

| | | |
|---|---|---|
| (૧૫) | માર્ક–'જે' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૪૯ અને ૫૦ |
| (૧૬) | માર્ક–'કે' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૫૧ અને ૫૨ |
| (૧૭) | માર્ક–'એલ'માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૫૩ અને ૫૪ |
| (૧૮) | માર્ક–'એ' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૫૫ અને ૫૬ |
| (૧૯) | આર્ટીકલ નં.૧૦ માંથી નીકળેલ પંચસ્લીપ | ૫૭ |
| (૨૦) | મરણ જનારના કપડા કબજે કર્યાનું પંચનામુ | ૬૦ |
| (૨૧) | આરોપીએ વાહન અને હથિયારની માહિતી આપતા તે અંગેનું ડીસ્કવરી પંચનામુ | ૬૧ |
| (૨૨) | મુદામાલ આર્ટીકલ માર્ક–'એ' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૬૨,૬૩ અને ૬૪ |
| (૨૩) | મુદામાલ આર્ટીકલ માર્ક–'પી' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૬૫ અને ૬૬ |
| (૨૪) | મુદામાલ આર્ટીકલ માર્ક–'ક્યુ' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૬૭,૬૮ અને ૬૯ |
| (૨૫) | મુદામાલ આર્ટીકલ માર્ક–'આર' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | ૭૦ અને ૭૧ |
| (૨૬) | આરોપીના બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ | ૭૪ |
| (૨૭) | સીસીટીવી ફુટેજ કબજે કર્યાનું પંચનામુ (સ્ટીલની પેન ડ્રાઈવ MASTER U-2 16GB) | ૭૮ |
| (૨૮) | લાશનું પી.એમ. કરવા મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલ, રાજકોટને કરેલ રીપોર્ટ | ૮૩ |
| (૨૯) | પી.એમ. નોટ | ૮૪ |
| (૩૦) | સીવીલ હોસ્પીટલ, રાજકોટનાએ મરણ જનારના બ્લડ સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલવા સારૂ ધ ડાયરેકટર ફોરન્સીક સાયન્સ લેબોરેટરીને મોકલ્યા અંગેની યાદી | ૮૫ |
| (૩૧) | મરણ જનારની પી.એમ. નોટ મળવા સીવીલ હોસ્પીટલ રાજકોટને | ૮૬ |

| | | |
|---|---|---|
| | કરેલ રીપોર્ટ | |
| (૩૨) | મરણ જનારનું મેડીકલ સર્ટિ. | ૮૮ |
| (૩૩) | મુદામાલ આર્ટીકલ 'વી' માંથી નીકળેલ એફ.એસ.એલ.ની સ્લીપ તથા પંચસ્લીપ | ૮૯ અને ૯૦ |
| (૩૪) | આર્ટીકલ'વી' વાળી પેન ડ્રાઈવ | ૯૧ |
| (૩૫) | પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું પ્રમાણપત્ર | ૯૪ |
| (૩૬) | મુદામાલ આર્ટીકલ માર્ક–'યુ' માંથી નીકળેલ પંચસ્લીપ તથા એફ.એસ.એલ. સ્લીપ | કામચલાઉ ૯૫ અને પાકો ૯૬ |
| (૩૭) | ૧૬ જી.બી.ની પેન ડ્રાઈવ | ૯૭ |
| (૩૮) | મરણ જનારને સીવીલ હોસ્પીટલમાં આપેલ સારવારના તથા હીસ્ટ્રી પેપર્સ (પાના–૯) | ૧૦૧ |
| (૩૯) | મરણ જનારનું સારવાર સર્ટિ. તેમજ મેડીકલ સારવારના કામે હીસ્ટ્રી સહિતના કાગળોની ખરીનકલ આપવા મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૦૨ |
| (૪૦) | સાહેદ નિખિલ જગદીશભાઈ સોલંકીનું સી.આર.પી.સી. કલમ–૧૬૪નું નિવેદન | ૧૦૬ |
| (૪૧) | ફરીયાદીની અસલ ફરીયાદ | ૧૦૮ |
| (૪૨) | લાશ સોંપ્યાની પહોંચ | ૧૦૯ |
| (૪૩) | ગુનાના કામે બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા મામલતદારશ્રીને કરેલ રીપોર્ટ | ૧૧૧ |
| (૪૪) | બનાવવાળી જગ્યાનો નકશો | ૧૧૨ |
| (૪૫) | મામલતદારશ્રીએ બનાવવાળી જગ્યાનો નકશો મોકલી આપ્યા અંગે મામલતદાર અને એકિઝ. મેજી.શ્રીએ પી.આઈ. 'એ' ડીવીઝન પો.સ્ટે. જુનાગઢને કરેલ યાદી | ૧૧૩ |
| (૪૬) | આરોપીએ છરી લીધેલ તે ચોટીલાના વેપારીના હિસાબની બુકના ઉતારાની નકલ તથા લાયસન્સ વગેરેની નકલ (પાના–૩) | ૧૧૫, ૧૧૬ અને |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | | ૧૧૭ |
| (૪૭) | ગુનો રજી.કરી આગળની કાર્યવાહી કરવા પી.એસ.ઓ.ને કરેલ યાદી | ૧૧૯ |
| (૪૮) | એફ.આઈ.આર.ની નકલ | ૧૨૦ |
| (૪૯) | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૧૨૧ |
| (૫૦) | પી.એસ.ઓ. 'એ' ડીવીઝન પો.સ્ટે. જુનાગઢનાઓએ પી.આઈ. એ.જી.જાદવને આગળની તપાસ સંભાળી લેવા કરેલ યાદી | ૧૨૨ |
| (૫૧) | બનાવ સ્થળે એફ.એસ.એલ. મોકલવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ | ૧૨૩ |
| (૫૨) | ભારે ગુનાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૧૨૪ |
| (૫૩) | દવાખાના ચોકીના ડી.ઓ. નં. ૫૬૭૫/૨૩ થી પો.સ્ટે.ને કરેલ જાણ | ૧૨૮ |
| (૫૪) | ડી.ડી. લેવા એક્ઝિ. મેજી.શ્રીને કરેલ યાદી | ૧૩૦ |
| (૫૫) | સીવીલ હોસ્પીટલે દર્દીને આર.એચ.સી. કર્યા બાદ દવાખાના ચોકીને કરેલ જાણ | ૧૩૧ |
| (૫૬) | વીઝીટેશનમાં પધારવા નાયબ પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ | ૧૩૨ |
| (૫૭) | એફ.એસ.એલ.નો સ્થળ પરિક્ષણ અહેવાલ | કામચલાઉ ૧૩૩ |
| (૫૮) | મરણ ગયાની જાણ સીવીલ હોસ્પીટલ રાજકોટથી થયાના ટેલીફોન વર્ધી રજીસ્ટરનો ઉતારો | ૧૩૪ |
| (૫૯) | ઈન્કવેસ્ટ ભરવા પધારવા એક્ઝિ. મેજી.શ્રીને કરેલ રીપોર્ટ | ૧૩૫ |
| (૬૦) | મરણોત્તર ફોર્મ | ૧૩૬ |
| (૬૧) | ગુનાના કામે માહિતી આપવા મેડીકલ ઓફિસર સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૩૭ |
| (૬૨) | મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલનાએ બનાવ વખતેના ફરજ પરના સ્ટાફની આપેલ માહિતી | ૧૩૮ |
| (૬૩) | આરોપીના સેમ્પલ લેવા મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૩૯ |
| (૬૪) | સીવીલ હોસ્પીટલનાઓએ આરોપીના સેમ્પલ લઈ પો.સ્ટે. સોંપ્યા | ૧૪૦ |

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| | અંગે | |
| (૬૫) | આરોપીનું બ્લડ ગ્રુપ તપાસી સર્ટિ. આપવા મેડીકલ ઓફિસર, સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૪૧ |
| (૬૬) | ગુનાના કામે સીસીટીવી ફુટેજ આપવા સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૪૨ |
| (૬૭) | સીવીલ હોસ્પીટલનાઓએ સીસીટીવી ફુટેજ આપ્યા અંગે | ૧૪૩ |
| (૬૮) | ગુનાના કામે સીસીટીવી ફુટેજ આપવા સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૪૪ |
| (૬૯) | સીવીલ હોસ્પીટલનાઓએ સીસીટીવી ફુટેજ આપ્યા અંગે | ૧૪૫ |
| (૭૦) | સીસીટીવી ફુટેજ કબજે કર્યાનું પંચનામુ (સ્ટીલની પેન ડ્રાઈવ MASTER U-2 8GB) | ૧૪૬ |
| (૭૧) | આરોપીનો ફોટો કબજે કરેલ તેનું પંચનામુ | ૧૪૭ |
| (૭૨) | પી.આઈ. 'એ' ડીવીઝન પો.સ્ટે. જુનાગઢનાઓએ ગુનાના કામે માહિતી આપવા સીવીલ હોસ્પીટલને કરેલ રીપોર્ટ | ૧૪૮ |
| (૭૩) | તબીબી અધિક્ષક, જી.એમ.ઈ.આર.એસ. હોસ્પીટલ, જુનાગઢ નાઓએ પી.આઈ. 'એ' ડીવીઝન પો.સ્ટે. નાઓને માહિતી આપ્યા અંગેનો પત્ર (રજુ કર્મચારીઓની માહિતી પાના-૫) | ૧૪૯ |
| (૭૪) | સરકારી વાહન સાથે બહારના જિલ્લામાં તપાસના કામે જવા મંજુરી મળવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ | ૧૫૦ |
| (૭૫) | તપાસના કામે બહારના જિલ્લામાં જવા મંજુરી આપતો પોલીસ અધિક્ષકશ્રીએ કરેલ હુકમ | ૧૫૧ |
| (૭૬) | વાહન માલીકના નામ, સરનામાની માહિતી આપવા આર.ટી.ઓ. જુનાગઢને કરેલ રીપોર્ટ | ૧૫૨ |
| (૭૭) | આર.ટી.ઓ. અધિકારીએ વાહનની માહિતી આપ્યા અંગે (સાથે રજી. વાહનની ડીટેઈલનું પત્રક) | ૧૫૩ |
| (૭૮) | ગુનાના કામે સાહેદ નિખિલ સોલંકીનું સી.આર.પી.સી. કલમ-૧૬૪ નું નિવેદન લેવા નામ. કોર્ટને કરેલ રીપોર્ટ | ૧૫૪ |
| (૭૯) | સાહેદના નિવેદનની નકલ મળવા નામ. કોર્ટને કરેલ રીપોર્ટ | ૧૫૫ |
| (૮૦) | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૧૫૬ |
| (૮૧) | એફ.એસ.એલ. કચેરીને મુદામાલ મળ્યાની પહોંચ | ૧૫૭ |



SESSIONS COURT, JUNAGADH * JUNAGADH DISTRICT * DISTRICT &

| | | |
|---|---|---|
| | | અને ૧૫૮ |
| (૮૨) | એફ.એસ.એલ. કચેરીએ અહેવાલ મોકલ્યાનો ફોરવર્ડીંગ | ૧૫૯ |
| (૮૩) | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૧૬૦ |
| (૮૪) | નાયબ નિયામક, પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજય, જુનાગઢનાઓએ પી.આઈ. 'એ' ડીવીઝન પો.સ્ટે. જુનાગઢનાઓને લખેલ ફોરવર્ડીંગ પત્ર | ૧૬૧ |
| (૮૫) | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૧૬૨ |
| (૮૬) | એફ.એસ.એલ. કચેરીએ અહેવાલ મોકલ્યાનો ફોરવર્ડીંગ | ૧૬૩ |
| (૮૭) | એફ.એસ.એલ.નો ભૌતિશાસ્ત્ર વિભાગનો પરીક્ષણ અહેવાલ | ૧૬૪ |
| (૮૮) | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૧૬૫ |
| (૮૯) | ઓથોરીટી લેટર મળવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ | ૧૬૬ |
| (૯૦) | પોલીસ અધિક્ષકશ્રીએ એફ.એસ.એલ. કચેરીને પૃથ્થકરણ કરી અભિપ્રાય મળવા કરેલ રીપોર્ટ | ૧૬૭ |
| (૯૧) | એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર ખાતે મુદામાલ જમા કરાવવા મુદામ માણસને મોકલ્યા અંગે | ૧૬૮ |
| (૯૨) | એફ.એસ.એલ. કચેરીએ મુદામાલ મળ્યાની પહોંચ | ૧૬૯ |
| (૯૩) | ગુનાના કામે કલમમાં ઉમેરો થવા નામ. કોર્ટને કરેલ રીપોર્ટ | ૧૭૦ |
| (૯૪) | હથિયારબંધીનું જાહેરનામુ | ૧૭૧ |
| (૯૫) | એફ.એસ.એલ. કચેરીએ અહેવાલ મોકલ્યાનો ફોરવર્ડીંગ | ૧૭૨ |
| (૯૬) | એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ તથા સાથે એનેક્ષ્ચર–૧ તથા સીડી–૧ (DFS/EE/2023/PHOTO/0185) | ૧૭૩ |
| (૯૭) | આરોપીના બ્લડ સેમ્પલ અંગેનો રીપોર્ટ | ૧૭૮ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોય આંક–૧૭૯ થી કલોજીંગ પુરશીસ રજુ કરેલ છે.

**(૬) કામચલાઉ ધોરણે લીધેલ પુરાવાની આખરી ગ્રાહયતા અંગે.**

**૬.૧** આ કામમાં આંક–૧૩૩ થી સ્થળ પરીક્ષણ એફ.એસ.એલ.નો રીપોર્ટ

છે તેને પુરાવામાં કામચલાઉ આંક આપવામાં આવેલ હતો તેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૧૩૬ રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે.

''136. Judge to decide as to admissibility of evidence :-

When either party proposes to give evidence of any fact, the Judge may ask the party proposing to give the evidence in what manner the alleged fact, if proved, would be relevant; and the Judge shall admit the evidence if he thinks that the fact, if proved, would be relevant, and not otherwise. If the fact proposed to be proved is one of which evidence is admissible only upon proof of some other fact, such a last mentioned fact must be proved before evidence is given of the fact first-mentioned, unless the party undertakes to give proof of such fact and the Court is satisfied with such undertaking. If the relevancy of one alleged fact depends upon another alleged fact being first proved, the Judge may, in his discretion, either permit evidence of the first fact to be given before the second fact is proved, or require evidence to be given of the second fact before evidence is given of the first fact.

Illustrations (a) It is proposed to prove a statement about a relevant fact by a person alleged to be dead, which statement is relevant under Section 32. The fact that the person is dead must be proved by the person proposing to prove the statement, before evidence is given of the statement.

(b) It is proposed to prove, by a copy, the contents of a document said to be lost. The fact that the original is lost must be proved by the person proposing to produce the copy, before the copy is produced.

(c) A is accused of receiving stolen property knowing it to have been stolen. It is proposed to prove that he denied the possession of the property. The relevance of the denial depends on theidentity of the property. The Court may, in its discretion, either require the property to be identified before the denial of the possession is proved, or permit the denial of the possession to be proved before the property is identified.

(d) It is proposed to prove a fact (A) which is said to have been the cause or effect of a fact in issue. There are several intermediate facts (B, C and D) which must be shown to exist before the fact (A) can be regarded as the cause or effect of the fact in issue. The Court may either permit A to be proved before B, C or D is proved, or may require proof of B, C and D before permitting proof of A."

આમ, ઉપરોકત કલમ મુજબ અદાલતે ઉપરોકત કામચલાઉ આંકની આખરી ગ્રાહ્યતા નકકી કરવાની છે.

**Sessions Judge**
**Junagadh**

અત્રે જે કામચલાઉ આંક આપવામાં આવેલ છે તે એફ.એસ.એલ.ના અધિકારીએ સ્થળ ઉપર જે વીઝીટ કરેલી તેનો રીપોર્ટ છે. ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ મુજબ નિષ્ણાંતના પુરાવાને સીધો પુરાવો માનેલ છે અને તેથી અત્રે આ જે સાહેદને કામચલાઉ આંક બતાવેલ છે તે સાહેદ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતા સંજોગોમાં પડે છે અને અદાલતમાં આવી શકે તેમ નથી તેવી કોઈ વિગત રજુ થયેલ નથી તે સંજોગોમાં આ પરીક્ષણ અહેવાલ તૈયાર કરનાર સાહેદને ન તપાસવાના કારણે તેને આખરી ગ્રાહય ગણી શકાય તેમ નથીકારણ કે, જે સબસ્ટન્શીયલ પુરાવો છે તે આ સાહેદે જે સ્થળ વીઝીટ કરેલી છે અને ત્યાં જે સ્થિતિ જોયેલી છે તે છે અને તે પુરાવો જયારે સાહેદના સંજોગો ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં પડતા નથી તે સંજોગોમાં આ સાહેદનો મૌખિક પુરાવો સબસ્ટન્શીયલ પુરાવો છે અને તેઓએ સ્થળ વીઝીટની જે યાદી રજુ કરેલ છે તે દસ્તવોજી પુરાવો નથી પરંતુ માત્ર યાદી છે અને તેથી તે યાદીને ઉપરોકત સાહેદના મૌખિક પુરાવાની ગેરહાજરીમાં આખરી ગ્રાહય ગણી શકાય તેમ નથી. તેજ રીતે, કામચલાઉ આંક–૯૫ થી પંચસ્લીપ છે અને તે સ્લીપ જે પંચની છે તે પંચને આ સ્લીપ બતાવીને સહી ઓળખાવવામાં આવેલ નથી તેથી તેને પણ આખરી ગ્રાહયતા ગણી શકાય તેમ નથી.

**પક્ષકારોની દલીલો :**

## (૭) વિ. પી.પી.શ્રીની દલીલ.

**૭.૧** આ કામમાં પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ, બનાવવાળી જગ્યાનું પંચનામુ અને ડીસ્કવરી પંચનામુ યોગ્ય રીતે ફરીયાદપક્ષે સાબીત કરેલ છે.

**૭.૨** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપીએ ગુનાની પુર્વ તૈયારી રૂપે હથિયાર ખરીદેલુ છે તે માટે પણ યોગ્ય પુરાવો ફરીયાદપક્ષે આપેલ છે અને આરોપીએ જ આ ગુજરનારને મૃત્યુને ઘાટ ઉતારેલ છે તે માટે નિષ્પક્ષ કહી શકાય તેવો પુરાવો બે તબીબોનો તથા હાજર સ્ટાફના માણસોનો રજુ કરેલ છે અને તેની સાથે વૈજ્ઞાનિક

પુરાવો એટલે કે, સીસીટીવી ફુટેજ કાયદાના પરિપ્રેક્ષ્યમાં સાબીત કરેલ છે અને તેની સાથે આ છરી ઉપર જે લોહી આવેલ છે તે પણ એફ.એસ.એલ.ના પુરાવાથી સાબીત કરેલ છે.

**૭.૩** વધુમાં દલીલ કરેલ છે કે, આરોપી બનાવ વખતે છરી ધારણ કરતા હતા તેથી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના પણ તત્વો ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તેથી તેમાં તકસીરવાન ઠરાવવા માટે દલીલ કરેલ છે.

**૭.૪** વધુમાં પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ગુજરનારનું મૃત્યુ માનવવધ છે તે હકીકત પણ તબીબના પુરાવાથી સાબીત કરેલ છે અને તે સંજોગોમાં આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૦૨ ના ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે દલીલ કરેલ છે.

## (૮) આરોપી તરફે દલીલ :

**૮.૧** આરોપી તરફે લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલ શ્રી વાય.એન.પંડયાએ મૌખિક તથા લેખિત દલીલ અદાલતમાં રજુ કરેલ છે.

**૮.૨** આરોપી તરફે મુખ્યત્વે જે દલીલ કરવામાં આવેલ છે તેમાં એવુ જણાવવામાં આવેલ છે કે,

(એ) ફરીયાદ ડીલેથી આપવામાં આવેલ છે,

(બી) ફરીયાદ જે વ્યકિત બનાવ સ્થળે હાજર ન હતા તેવા ગુજરનારના પુત્રને ઉભા કરી આપવામાં આવેલી છે,

(સી) તપાસ કરનાર અમલદારે ગુનાવાળી જગ્યા યોગ્ય રીતે સુરક્ષીત અટલે કે, પ્રોટેકટ કરેલ નથી,

(ડી) ગુનાવાળી જગ્યાએ પુર્વ દવારથી પણ પ્રવેશ કરી શકાય તેમ હતો

(ઇ) આરોપી ફરજના ભાગરૂપે સીવીલ હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા અને તેથી અન્ય કોઇ વ્યકિતએ ગુનો આચરેલ હતો અને તે માટે પ્રિ–પ્લાન કરી આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે,

(એફ) ગુજરનારનું ડી.ડી. એકિઝ. મેજી. રૂબરૂ લેવામાં આવેલ નથી,

(જી) તાત્કાલીક સારવાર વિભાગમાં કહેવાતી ફરજ બજાવતા બંને તબીબો આરોપીની સંડોવણી કરવા માટે ઉભા કરેલા સાહેદો છે અને તે સાહેદ નિખિલભાઇ અને અમિતભાઇએ સમર્થન કરેલ છે,



SESSIONS COURT JUNAGADH DISTRICT
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

(એચ)  કાયદા મુજબ કોઇ ડી.ડી. લેવામાં આવેલ નથી કે સાબીત કરવામાં આવેલ નથી

(આઇ) કાયદામાં કોઇ હસ્તગત નામનું કોઇ પંચનામુ નથી તેમ છતાં આવુ ખોટુ પંચનામુ આરોપીને માત્ર સંડોવી દેવા માટે કરવામાં આવેલ છે,

(જે) સીસીટીવી ફુટેજની ઓથેન્ટીસીટી ઉપર સવાલ ઉત્પન્ન થાય છે અને યોગ્ય વ્યકિતએ તે પુરાવો આપેલ નથી અને સીસીટીવી ફુટેજથી કોઇ હકીકત સાબીત થતી નથી

(કે) હથિયાર વેચનારા વ્યકિતનો પુરાવો માનવા લાયક નથી કારણ કે તેને ત્યાં અસંખ્ય ગ્રાહક આવતા હોય તેથી આરોપી યાદ રહે તેવુ બને નહીં,

(એલ) યોગ્ય રીતે ડીસ્કવરી પંચનામુ સાબીત કરેલ નથી,

(એમ)તપાસ કરનાર અમલદારે આરોપી ચોટીલા હથિયાર ખરીદવા ગયેલા તે માટે સીવીલ હોસ્પીટલમાં તે દિવસે આરોપી હાજર હતા કે કેમ? તે હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ તે માટે આરોપીનું લોકેશન પણ મેળવી રજુ કરી શકયા હોત તે મેળવેલ નથી તેમજ ચોટીલામાંથી સીસીટીવી ફુટેજ તે દિવસના મેળવી શકયા હોત તે મેળવેલ નથી અને યોગ્ય રીતે અને તટસ્થ રીતે તપાસ કરેલ નથી અને તેથી તેનો લાભ આરોપીને આપવા માટે દલીલ કરેલ છે.

**૮.૩** વધુમાં દલીલ કરેલ છે કે, સારવાર કરનાર તબીબે મેડીકલ જયુરીસપ્રુન્ડસ મુજબ યોગ્ય રીતે સારવાર સર્ટી. બનાવેલ નથી અને સારવાર કરનાર અને પી.એમ. કરનાર તબીબના અભિપ્રાયમાં અમુક ઇજા બાબતે વિરોધાભાસ આવે છે અને કહેવાતા સાંયોગિક પુરાવાના અથવા તો આરોપીને જોનાર સાહેદોના એકબીજાના પુરાવામાં વિરોધાભાસ આવે છે અને આ તમામ સંજોગોમાં ફરીયાદપક્ષની સત્યતા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને તેનો લાભ આરોપીને આપવા માટે દલીલ કરેલ છે.

## (૯) પોઇન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી. કલમ–૩૫૪(ડી) મુજબ.

**૯.૧)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, આ કામના ફરીયાદીના મરણ જનાર પિતા અરવિંદભાઈ જેઠવા જુનાગઢ ખાતે સરકારી

હોસ્પીટલમાં પી.એમ. રૂમમાં પટ્ટાવાળ તરીકે ફરજ બજાવતા હતા અને આરોપી પણ જુનાગઢ ખાતે સરકારી હોસ્પીટલમાં કોન્ટ્રાકટ બેઈઝ ઉપર ડાયાલીસીસ વિભાગમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા હોય આ કામના ફરીયાદીના મરણ જનાર પિતા તથા આરોપીને નોકરી બાબતે અવાર નવાર બોલાચાલી થતી હોય તેમજ આરોપીના માતા–પિતા ઘણા વર્ષો પહેલા મરણ ગયેલ હોય તે બાબતે પણ આ કામના મરણ જનાર અરવિંદભાઈ અવાર નવાર આડુ અવળુ બોલી સંભળામણી કરતા હોય તે વાતનો ખાર રાખી મરણ જનાર અરવિંદભાઈ પોતાની નોકરી ઉપર હતા તે દરમ્યાન તા. ૧–૯–૨૩ ના રોજ રાત્રીના કલાક ૦૨–૪૫ વાગ્યાના અરસામાં આરોપી છરી લઈને જુનાગઢ સરકારી હોસ્પીટલ ખાતે આવી આ કામના મરણ જનાર અરવિંદભાઈ જુનાગઢ સરકારી હોસ્પીટલ તાત્કાલીક સારવાર વિભાગની પાસે આવેલ પેન્ટ્રી રૂમમાં સુતા હતા ત્યારે આરોપીએ પોતાની પાસે રહેલ છરીથી આ કામના મરણ જનારને જમણી બાજુ છાતીના ભાગે, છાતીમાં ડાબી બાજુ નીપલથી નીચે, છાતીમાં ગળાથી નીચે વચ્ચેના ભાગેથી લઈ પેટમાં દુંટી સુધી લાંબો ઉભો ચેકો તેમજ આ ઈજાથી ડાબી બાજુ છાતી નીચેથી લઈ દુંટીથી નીચે સુધી પેટના ભાગે લાંબો ઉભો ચેકો, ડાબી બાજુ પડખામાં, જમણા હાથમાં કાંડાથી નીચે કલાઈમાં, ડાબા હાથમાં કોણીથી ઉપર બાવળાના ભાગે તેમજ ડાબા હાથમાં કોણીથી લઈ કાંડા સુધી વચ્ચે કલાઈના ભાગે, ડાબી બાજુ બગલથી નીચેના ભાગે, ડાબી બાજુ પાછળ પડખાના ભાગે, જમણા પગમાં અંગુઠા તથા પ્રથમ આંગળીની વચ્ચેના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ કરી આ કામના મરણ જનારનું મોત નિપજાવી આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૦૨ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૯.૨)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, ઉપરોકત

તારીખે, સમયે અને સ્થળે વિ. જિલ્લા મેજી.શ્રી, જુનાગઢનું હથિયારબંધી જાહેરનામુ અમલમાં હતુ તેમ છતાં આરોપીએ છરી જેવુ હથિયાર જાહેરમાં ધારણ કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૯.૩) શું આખરી હુકમ ?**

**(૧૦) ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**૧૦.૧)** મુદા નં.૯.૧ માં ચર્ચા કર્યા મુજબ : ''હકારમાં''

**૧૦.૨)** મુદા નં. ૯.૨ માં ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૧૦.૩**) આખરી હુકમ મુજબ. : આખરી હુકમ મુજબ

## : : કારણો : :

**(૧૧) સી.આર.પી.સી.ની કલમ-૩૫૪(૧)(બી) મુજબ :-** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૧.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૧૧.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે-વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **<u>ભારતીય દંડ સંહિતાની કલમ-૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ-૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :- આ</u>** સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત <u>'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે</u>

<u>શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.</u>

**૧૧.૩** **એ**ટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે. Beyond reasonanle doubt એટલે શું ?

**૧૧.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી કોઈપણ ગુન્હો પુરવાર થાય છે કે કેમ તે નકકી કરતી વખતે અદાલતે ઘ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિઘ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુઘ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૧.૫** **આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect

the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice" વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. પ૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ..."

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પનીક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

૧૧.૬ ભારતીય પુરાવા ધારાની કલમ–પ૯ મુજબ કોઈપણ હકીકત, **દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની** મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઈ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે, EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means

and includes -

1. all statemens which the Court permits or requires to be made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if

the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

**આમ**, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઇ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઇ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૧.૭** જો સીધો પુરાવો ન હોય તો ફરીયાદપક્ષે તેની હકીકત ભારતીય પુરાવા ધારામાં સીધા પુરાવાના અપવાદો આપેલા છે તેનાથી સાબીત કરવાની હોય છે. આ અપવાદોમાં રેસગેસ્ટે ના સિધ્ધાંતોમાં આવતા પુરાવા એટલે કે કલમ–૬ થી ૯ અને ૧૪ માં આવતા પુરાવાનો સમાવેશ થાય છે.

**૧૧.૮** તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ માં આવતા પુરાવાનો કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ થી ૩૦ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબીત કરવાની હોય છે.

**૧૧.૯** અથવા તો સાંયોગિક પુરાવાની કડી મેળવીને સાબીત કરવાની હોય છે. જો કે, સાંયોગિક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરુરીયાત રહે છે.

## (૧૨) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–

**૧૨.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી

ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

**(૧૩) ગુનાવાળી જગ્યાના પંચનામાં અંગે :–**

કોઈપણ ક્રિમીનલ ટ્રાયલમાં ગુનાવાળી જગ્યા મહત્વની બાબત બને છે કારણ કે તેનાથી ઘણીવાર નકકી થાય છે કે કૃત્ય કઈ જગ્યાએ બનેલું છે. ગુનાવાળી જગ્યાનું પંચનામુ તપાસ એજન્સી કરતી હોય છે અને તેનાથી જે પંચનામું થાય તેનાથી પણ રેકર્ડ પર કૃત્ય જે તે કહેવાતાં સ્થળે બનેલ છે કે કેમ તે હકીકત ઘણીવાર બહાર આવે છે **અને ગુનાને સાંકળતો પુરાવો પણ પદાર્થ સ્વરૂપે મળી આવતો હોય છે.**

**૧૩.૧** આ કામમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચ કમલેશભાઈ લાલજીભાઈ પી.ડબલ્યુ.૩ તથા સંજયભાઈ બાબુભાઈ વાઢેર પી.ડબલ્યુ.૪ ની હાજરીમાં અને પી.આઈ. એ.જી.જાદવની રુબરુમાં કરવામાં આવેલ છે. ઉપરોત પંચ કમલેશભાઈ પી.ડબલ્યુ. ૩ ને આંક–૨૨ થી તપાસેલા છે અને બીજા પંચ સંજયભાઈ પી.ડબલ્યુ.૪ર થી તપાસવામાં આવેલા છે પરંતુ બંને પંચોએ તેમની સરતપાસ કે પી.પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન કે તેમની હાજરીમાં આ પંચનામુ થયેલ છે તે બાબતે આપેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

**૧૩ .૨** જેમની રુબરુમાં આ પંચનામુ થયેલ છે તે તપાસ કરનાર અમલદાર અમિતકુમાર જાદવ પી.ડબલ્યુ.૨૫ ને આંક–૧૨૯ થી તપાસેલા છે અને તેઓએ પેરા–૯ માં સરતપાસમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૯) મે મારી તપાસ દરમ્યાન આંક–૨૩ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૦:૦૫ થી ૧૧:૪૦ સુધીનુ પંચ કમલેશ ઉર્ફે લખનભાઈ નાનજીભાઈ વાળા તથા બીજા પંચ સંજયભાઈ ઉર્ફે કાલી બાબુભાઈ વાઢેરની હાજરીમા તૈયાર કરેલુ તૈયાર કર્યા બાદ તે પંચોને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ તે પંચનામામા પંચોની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે મે સહી કરેલ હતી જે હું ઓળખી બતાવુ છુ અને પંચનામાની વિગતે મુદામાલ આર્ટીકલ માર્ક–''એ'' થી મુદામાલ આર્ટીકલ–''આઈ'' સુધીના કબ્જે લીધેલ હતો.''

**૧૩ .૩** આ અંગેની ઉલટ તપાસ જોવામાં આવે તો પેરા–૭૫ માં નીચે મુજબની હકીકત આરોપી તરફે લાવવામાં આવેલ છે.

''(૭૫) મે ગુનાની તપાસ સંભાળેલી ત્યારે હું એ ડીવી.પો.સ્ટે.મા હતો. એ વાત ખરી છે કે, ગુનો બન્યા પછી ત્રણ કલાક બાદ ગુનો રજી.થયેલ છે. હું બનાવવાળી જગ્યાએ સવારે નવ વાગ્યે પહોંચેલો હતો. ગુનાવાળી જગ્યાએ જઈ સૌપ્રથમ ગુનાવાળી જગ્યાની વીઝીટ કરી બનાવ વિશે માહિતગાર થયેલ અને ત્યારબાદ એફ.એસ.એલ.આવતા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી સાહેદોના નિવેદનો લીધેલા હતા.''

**૧૩ .૪** આમ, ઉપરોકત સરતપાસ અને ઉલટ તપાસ જોતા આંક–૨૩ મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ થયેલ છે તે હકીકત સાબીત થાય છે અને ફરીયાદપક્ષે કોઈ



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

હકીકત સાબીત કરવાની હોય છે અને તે હકીકત ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ મૌખિક કે દસ્તાવેજી પુરાવા કે ભારતીય પુરાવા ધારામાં જણાવેલ સ્વીકૃતિ વગેરેથી સાબીત થઈ શકે છે અને આ કેસમાં ઉપરોકત અમીતભાઈ જાદવ જે આ પંચનામા માટે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ છે તે સંજોગોમાં ઉપર સરતપાસ અને ઉલટ તપાસ જોતા બનાવવાળી જગ્યા ઉપરોકત પંચનામામા જણાવેલી જગ્યા હતી અને તેનું પંચનામુ થયેલ છે તે હકીકત સાબીત થાય છે. વધુમાં, આ બનાવવાળી જગ્યા આ પંચનામા મુજબની જ હતી તે હકીકતને સમર્થન પી.ડબલ્યુ. ૧૫ ડો. ચાર્મીબેન, પી.ડબલ્યુ. ૧૮ અમિતભાઈ, પી.ડબલ્યુ.૧૯ નિખિલભાઈના પુરાવાથી પણ સમર્થન મળે છે.

**(૧૪) ઈન્કવેસ્ટ પંચનામા અંગે :**

**૧૪.૧** ઈન્કવેસ્ટ પંચનામુ તપાસ એજન્સી મુજબ પંચ કેતનભાઈ અને સિધ્ધાર્થભાઈની રુબરુમાં કરવામાં આવેલુ છે અને ઉપરોકત કેતનભાઈને પી.ડબલ્યુ.૫ તરીકે આંક–૨૭ થી અને સિધ્ધાર્થભાઈને પી.ડબલ્યુ.૬ તરીકે આંક–૪૬ થી તપાસવામાં આવેલા છે પરંતુ તેઓ બંનેએ સરતપાસ કે પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબ કરેલ ઉલટ તપાસમાં કોઈ સમર્થન કરેલ નથી.

**૧૪.૨** પરંતુ, આ બાબતે અમિતકુમાર જાદવ પી.ડબલ્યુ.૨૪ આંક–૧૨૯ નો પુરાવો



DISTRICT & SESSIONS COURT JUNAGADH.
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતો પુરાવો છે અને તેઓએ ઉપરોકત બાબતે તેમના પુરાવાના પેરા–૧૩ મા નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૩) મે મારી તપાસ દરમ્યાન આંક–૪૪ થી તા.૦૧/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૧૦ થી કલાક ૧૬:૧૫ સુધીનુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચ–કેતનભાઈ દીપકભાઈ ઢાંકેચા તથા બીજા પંચ–સિધ્ધાર્થભાઈ ભીખુભાઈ ઝાલાની હાજરીમા તૈયાર કરેલુ તૈયાર કર્યા બાદ તે પંચોને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ તે પંચનામામા પંચો ની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે મે સહી કરેલ હતી જે હું ઓળખી બતાવુ છુ.''

**૧૪.૩** ઉપરોકત હકીકતનું કોઈ ખંડન ઉલટ તપાસમાં થયેલ નથી તે સંજોગોમાં ગુજરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ આંક–૪૪ મુજબનું કરવામાં આવેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

## (૧૫) ગુજરનારનુ મૃત્યુ કુદરતી કે આત્મહત્યાથી નથી?

**૧૫.૧** આ કામમાં ગુજરનારનુ શબ એટલે કે, CORPUSDILICTI મળી આવેલ છે, અને જયારે શબ મળી આવે ત્યારે પી.એમ. થતુ હોય છે અને તબીબી વિજ્ઞાનનો વિકાસ થયો છે તેના આધારે શબની સ્થિતી, પી.એમ.લીવીડીટી, રાઈગર મોર્ટીસ, ટાઈમ સીન્સ ડેથ વિગેરેથી કયારે મૃત્યુ થયુ છે તે તથા શરીર ઉપરની ઈજાઓથી તે ઈજાઓ મૃત્યુ પહેલાની હતી કે પછીની હતી તથા ઈજાનો પ્રકાર કેવો હતો તથા ઈજા કયા હથિયારથી થઈ શકે તેવી હતી વિગેરે બાબતો સાબીત કરવામાં આવો તબીબી

પુરાવો મહત્વનો બની જાય છે અને મૃત્યુ અનેક પ્રકારે થાય જેમાં કુદરતી રીતે પણ થાય છે, વધ એટલે કે માનવી દવારા માનવીની હત્યા કરવી. નામદાર અલ્હાબાદ હાઈકોર્ટે સુખદેવ વિ. રાજયના કેસમાં હોમીસાઈડ માનવ વધ માટે એવુ ઠરાવ્યુ છે કે, જયારે માનવી માનવીનુ મૃત્યુ નીપજાવે તેને મનુષ્યવધ કહેવાય.

**૧૫.૨** વૈજ્ઞાનીક ભાષામાં મૃત્યુનો અર્થ એટલે કાયમી રીતે હ્રદય, મગજ અને શ્વાસોશ્વાસની પ્રક્રિયાનુ કાયમીરીતે બંધ પડવુ.

**૧૫.૩** આ કામમાં ગુજરનાર નું મૃત્યુ કયા કારણે થયેલુ તે માટે તે અંગેના નિષ્ણાંત એટલે કે તબીબ કે જેઓએ ગુજરનાર નું પી.એમ. કરેલ છે તે તબીબ કે જે ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંત છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ મુજબ સીધો પુરાવો બને છે તેઓને આંક–૮૨ ના પુરાવામાં પી.ડબલ્યુ.૧૪ તરીકે પેરા–૩, ૪ મા નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૩) આ શબ ૫૯ વર્ષના પુરુષનુ હતુ કે,જેને લીલા સફેદ કલરની ચાદરમા લાવેલ અને લીલા કલરનુ કપડુ ઓઢાડેલ હતુ. શબએ ગ્રે કલરનુ પેન્ટ પહેરેલ હતુ. શબની સાથે હોસ્પીટલની લીડ આગળના ભાગે ચોંટેલી હતી તથા બાજુમાં કોટન અને ગુલાબી કલરની પટી પડેલી હતી. શબના કપડા જામેલા લોહીથી ખરડાયેલા હતા. આખુ શરીર જામેલા લોહીથી ખરડાયેલ હતુ. બંને હાથ અને જમણા થાપાના ભાગે ઈન્જેકશનના નિશાનો હતા. શબ ઠંડુ, મધ્યમ કદ અને મધ્યમ બંધારણનુ હતુ. શરીરના અકળાવવાની ક્રિયા શરૂઆતના તબકકામા હતી. પી.એમ.લીવીડીટી શરીરના પાછળના ભાગે અને ફીકસ ન થઈ હોય તેમ હતી. ચહેરાના લક્ષણો ઓળખી શકાય તેવા હતા. બંને આંખો બંધ અને કીકી પહોળી હતી. મોં, નાક કે કાનમાથી કોઈ

અસામાન્ય પ્રવાહી બહાર આવતુ ન હતુ. બાહય જનેનન્દ્રીયના ભાગે કોઈ ઈજા ન હતી.

(૪) આ લાશનુ બાહય પરીક્ષણ કરતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

(૪.૧) ૧૨ × ૨.૫ સે.મી.ના માપનો હાડકા સુધી ઉંડો એકત્રાંસો કપાયેલો ઘા ડાબા હાથના પાછળના ભાગે કોણીથી ૧૩ સે.મી. ઉપર હતો.

(૪.૨) ૧૦ × ૧.૫ સે.મી.ના માપનો હાડકા સુધી ઉંડો એક ઉભો કપાયેલો ઘા ડાબા બાવડાના અંદરના ભાગે કાંડાથી ૫ સે.મી. ઉપર હતો.

(૪.૩) ૩ × ૧.૫ સે.મી.ના માપનો હાડકા સુધી ઉંડો એક ભોંકાયેલો ઘા ડાબા બાવડાના અં દરના ભાગે કોણીથી ૫ સે.મી.નીચે હતો કે, જેનો નીચેનો છેડો ભુઠો અને ઉપરનો છેડો તિક્ષ્ણ હતો. આગળની કિનારી બીવેલ્ડ અને પાછળની કિનારી અંદર તરફ જતી હતી. આ ઘા પાછળ અને બહાર તરફ જતો હતો.

(૪.૪) ૪ × ૦.૧ સે.મી.ના માપનો ચામડીની નીચે સુધી ઉંડો એક ત્રાંસો કપાયેલો ઘા ડાબા બાવડાના આગળના ભાગે કોણીથી ૧.૫ સે.મી. નીચે હતો.

(૪.૫) ૨.૫ × ૦.૧ સે.મી.ના માપનો ચામડી સુધી ઉંડા બે કપાયેલા ઘા કે, જે એકબીજાથી ૦.૫ સે.મી.ના અંતરે હતા તે કાંડાથી ૪.૫ સે.મી.નીચે ડાબા હાથના પંજાના પાછળના ભાગે હતા.

(૪.૬) ૫.૫ × ૦.૧ સે.મી.ના માપનો ચામડીથી નીચે સુધી ઉંડો એક ત્રાંસો કપાયેલો ઘા જમણા બાવડાના આગળના ભાગે કાંડાથી ૪ સે.મી.ઉપર હતો.

(૪.૭) ૬.૫ × ૦.૧ સે.મી.ના માપનો ચામડીની નીચે સુધી ઉંડો એક ત્રાંસો કપાયેલો ઘા જમણા હાથના આગળના ભાગે ખભાથી ૧૪ સે.મી.નીચે હતો.

(૪.૮) ૪.૫ × ૦.૫ સે.મી.ના માપનો હાડકા સુધી ઉંડો એક કપાયેલો ઘા જમણા પગના અં ગુઠા અને પહેલી આંગળીના વચ્ચેના ભાગે હતો.

(૪.૯) ૩× ૨ સે.મી.ના માપનો એક ત્રાંસો ઘસરકો જમણી દાઢીના ભાગે મીડલાઈનથી સહેજ જમણી તરફ અને દાઢીના પોઈન્ટથી ૩ સે.મી.નીચે હતો.

(૪.૧૦) ૩ × ૨.૫ સે.મી.ના માપનો એક આડો ચકામો ડાબા પગના આગળના ભાગે ગોઠણથી ૧૮ સે.મી.નીચે હતો.

(૪.૧૧) ૪ × ૧ સે.મી.ના માપનો સર્જરીથી ટાંકા લીધેલો એક ત્રાંસો ઘા જમણી છાતીના આગળના ભાગે હતો કે, જેનો નીચેનો બહાર તરફનો છેડો જમણી નીપ્પલથી ૨ સે.મી.ઉપર

અને મીડલાઈનથી ૧૩.૫ સે.મી.જમણે હતો. આ ઘા સ્નાયુ સુધી ઉંડો હતો કે, જે નીચે અને બહાર તરફ જતો હતો. નીચેનો બહાર તરફનો છેડો બુઠો જયારે ઉપરનો અંદર તરફનો છેડો તિક્ષ્ણ હતો.

(૪.૧૨) ૩.૫ × ૦.૫ સે.મી.ના માપનો એક સર્જરીથી ટાંકા લીધેલો ઉભો ઘા છાતીના ડાબા આગળના ભાગે, નીપ્પલથી ૨ સે.મી.નીચે અને મીડલાઈનથી ૮ સે.મી. ડાબે હતો. આ ઘા છાતીના પોલાણ સુધી જતો હતો. ઉપરનો છેડો બુઠો હતો જયારે નીચેનો છેડો તિક્ષ્ણ હતો અને ત્યાંથી ૧.૫ સે.મી.જેટલુ ટેઈલીંગ હતુ. આ ઘા પાછળ અને સહેજ ઉપર તરફ જતા ચામડી, સ્નાયુઓ, ચોથી અને પાંચમી પાંસળી, ફેફસાનુ બાહય આવરણને કટ કરી ડાબા ફેફસાના નીચેના ભાગમાં આગળની તરફે ૩ × ૦.૫ સે.મી.ના માપનો કટ બનાવતો હતો. છાતીના પોલાણમા આશરે ૬૦૦ સી.સી. જેટલુ પ્રવાહી તથા જામેલુ લોહી હાજર હતુ.

(૪.૧૩) ૧.૫ × ૦.૫ સેમી.ના માપનુ સર્જરીનુ ટાંકા લીધેલો એક ત્રાંસો ઘા પેટની ડાબી બાજુ આગળ તરફે હતો કે, જે નીપ્પલથી ૧૧ સે.મી.નીચે અને મીડલાઈનથી ૭.૫ સેમી.ડાબે હતો. આ ઘા સ્નાયુ સુધી ઉંડો હતો.

(૪.૧૪) ૨.૫ × ૦.૫ સે.મી.ના માપનો એક ત્રાંસો ભોંકાયેલો ઘા પેટના ડાબી બાજુના બહારના તરફે હતો કે, જેનો નીચેનો અંદર તરફનો છેડો તિક્ષ્ણ અને ડાબી એન્ટીરીયર સુપીરીયર અીલીયાક સ્પાઈન થી ૨.૫ સે.મી. ઉપર હતો. આ ઘા પેટના પોલાણ સુધી ઉંડો હતો કે, જે ડાબેથી જમણે અને સહેજ પાછળ તરફ જતો હતો. આ ઘા ચામડી, પેટના સ્નાયુ, આંતરડાના આવરણો,રકતવાહીનીઓને કટ કરી નાના આંતરડાઓમા ઘણા બધા કટ બનાવતો હતો. આ કપાયેલા આંતરડાઓ ટાંકા લઈને રીપેર થયેલાનુ જણાયેલુ. પેટના પોલાણમાં આશરે ૫૦૦ સી.સી.જેટલુ પ્રવાહી તથા જામેલુ લોહી હાજર હતુ.

(૪.૧૫) સર્જરીથી પીન મારીને ટાંકા લીધેલો ૨૫ સે.મી.નો એક ઉભો ઘા પેટના આગળના ભાગે મધ્ય લાઈનમા છાતીના હાડકાની નોંચથી ૨૫ સે.મી.નીચે હતો. આ ઘા પેટના પોલાણ સુધી ઉંડો હતો.

(૪.૧૬) સર્જરીથી પીન મારીને ટાંકા લીધેલો ૬ સે.મી.નો એક ઘા ઉપરની ઈજા નં. –૧૧ થી ૬ સે.મી.નીચે હતો. આ ઘા સહેજ જમણે અને પાછળ તરફ જતા ચામડી, સ્નાયુઓ, આંતરડાના આવરણોને કટ કરી આંતરડામા ઘણાં બધા કટ બનાવતો હતો.

(૪.૧૭) ૩.૫ × ૦.૨ સે.મી.ના માપનો સર્જરીથી ટાંકા લીધેલો એક આડો ઘા છાતીની ડાબી

બાજુએ નીપ્પલના લેવલ ઉપર અને મીડલાઈનથી ૨૧ સે.મી. ડાબે હતો. આ ઘા છાતીના પોલાણ સુધી ઉંડો હતો.

(૪.૧૮) ૩૯ × ૦.૫ સે.મી.ના માપનો સર્જરીથી ટાંકા લીધેલો, સ્નાયુ સુધી ઉંડો એક ત્રાંસો ઘા છાતીના અને પેટના આગળના ભાગે હતો કે, જેનો ઉપરનો ડાબી બાજુનો છેડો મીડલાઈનથી ૬ સે.મી.ડાબે અને છાતીના હાડકાની નોંચના લેવલ ઉપર હતો.

(૪.૧૯) ૩.૫ × ૦.૫ સે.મી.ના માપનો પોલાણ સુધી ઉંડો એક ત્રાંસો ભોંકાયેલો ઘા પેટના ડાબી બાજુના ભાગે મીડલાઈનથી ૩૧ સે.મી.ડાબે અને સ્કેપ્યુલા થી ૨૦ સેમી નીચે હતો.નીચેનો આગળ તરફનો છેડો ભુઠો અને ઉપરનો પાછળનો છેડો તિક્ષ્ણ હતો કે, જેના ઉપર ૫ સે.મી.જેટલુ ટેઈલીંગ હતુ. આ ઘા નીચે અને પાછળ તરફ જતો હતો કે, જે ચામડી અને સ્નાયુને કાપતો હતો.''

**૧૫.૪** વધુમાં પેરા–૮ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૮) પી.એમ.પરીક્ષણના અંતે લોહીનો નમુનો લઈ, લેબલ કરી, શીલ કરી અને એફ.એસ.એલ.ખાતે મોકલવા માટે પોલીસને સુપ્રત કરેલ. પી.એમ. પરીક્ષણના અંતે મરણજનારનુ મૃત્યુ શરીર પર થયેલી ઘણી બધી ઈજાઓના લીધે લોહી વહી જતા આઘાત લાગવાથી થયેલાનુ આપેલ હતુ. મૃત્યુનો સમય પી.એમ. પરીક્ષણ શરૂ કર્યાના પહેલા ૬ કલાકની અંદરનો આપેલો હતો.''

**૧૫.૫** આરોપી તરફે પેરા–૧૩ થી ૧૬ માં નીચે મુજબનો કેસ મુકવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

''(૧૩) એ વાત ખરી નથી કે, મે પી.એમ.રીપોર્ટમા જેનુ શબ હતુ તેનુ નામ લખેલ નથી. એ વાત ખરી નથી કે, ઈજા નં.– ૯ અને ૧૦ સિવાયની તમામ ઈજાઓ સર્જીકલ ટાંકા લીધેલી હતી. એ વાત ખરી નથી કે, ઈજા ઉપર ટાંકા લીધેલા હોય તો તેનુ ચોકકસ માપ અમે લખી ન શકીએ.

(૧૪) એ વાત ખરી નથી કે, ઈજા નં.–૯ અને ૧૦ કોઈ હથીયાર વડે થઈ શકે તેવી ન હતી.

એ વાત ખરી નથી કે, શબ સંપુર્ણપણે અકડાઈ ગયેલુ હતુ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, અકડાઈ જવાની સ્થિતી શરૂઆતના તબકકામા હતી.

(૧૫) કોઈપણ ઈજામા લોહી બહાર નીકળે તો લોહી જામવાની પ્રક્રિયા તરત જ બે થી ત્રણ મીનીટમા ચાલુ થાય છે અને કલોટીંગ બેથી ત્રણ મીનીટમા થઈ જાય છે. એ વાત ખરી નથી કે, આ ઈજાઓમાં તાત્કાલીક સારવાર આપવામા આવી હોય તો આ વ્યકિત બચી જાય.

(૧૬) એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત બંને બાજુ ધારવાળા પદાર્થ સાથે ઘસાઈ તો શરીરમા ઈજા થઈ શકે. એ વાત ખરી નથી કે, આવા પદાર્થની જે સાઈઝ હોય તેટલા માપની જ ઈજાઓ થાય. એ વાત ખરી નથી કે, કોઈ વ્યકિત ધારદાર પતરા ઉપર પડી જાય તો ઈજા નં.–૯ અને ૧૦ સિવાયની ઈજાઓ સંભવી શકે.''

પરંતુ, ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબના નિષ્ણાંતે જે પુરાવો આપેલ છે કે, ગુજરનારનું મૃત્યુ શરીર ઉપર થયેલી ઘણી બધી ઈજાઓને લીધે લોહી વહી જતા આઘાત લાગવાથી થયેલાનું માલુમ પડેલ અને તે તથા તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની અને તાજી હતી તે હકીકતનું ખંડન આરોપી તરફે થઈ શકેલ નથી તેમજ આરોપી તરફે એવો પણ સ્વતંત્ર પુરાવો આપવામાં આવેલ નથી કે, આ સાહેદે જણાવ્યા મુજબનું કોઇ પી.એમ. થયેલ નથી કે પી.એમ.માં જણાવેલી કોઇ ઈજાઓ ગુજરનારના શરીર ઉપર ન હતી.

**૧૫.૬** આમ, નિષ્ણાંતના પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, ગુજરનારનું મૃત્યુ તે કુદરતી મૃત્યુ નથી, આત્મહત્યા નથી કે અકસ્માતથી નથી પરંતુ, હત્યાથી થયેલ છે.

**(૧૬ )આરોપીની સંડોવણી અંગે :**

**૧૬ .૧ અત્રે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં જણાવેલ પ્રુવ્ડ ની સાબીતીની વ્યાખ્યા રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.**

**''proved".- A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.**

**૧૬ .૨** આમ, ઉપરોકત કલમ મુજબ જે સાબીત કરવાનું છે તે હકીકત સાબીત કરવાની છે. ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ રજુ કરવી જરુરી છે તે નીચે મુજબ છે.

**''59. Proof of facts by oral evidence :-**

**- All facts, except the contents of documents, may be proved by oral evidence."**

**૧૬ .૩ આમ, દસ્તાવેજોની વિગતો સીવાયની વિગત મૌખીક પુરાવાથી સાબીત થઈ શકે તેવી જોગવાઈ ઉપરોકત કલમમાં છે.**

**૧૬ .૪ કોઈપણ પક્ષકારે કોઈપણ હકીકત ભારતીય પુરાવા ધારાની જોગવાઈમાં જણાવેલી જોગવાઈ મુજબ દસ્તાવેજી પુરાવાથી, મૌખિક પુરાવાથી કે સ્વીકૃતિથી કે કબુલાતથી સાબીત કરી શકે છે.**

**૧૬ .૫** આરોપીની સંડોવણી અંગે પ્રોસીકયુસને ગુજરનારે આપેલ ઓરલ ડી.ડી. ઉપર આધાર રાખેલ છે તથા તાત્કાલીક સારવાર વિભાગમાંથી ગુજરનાર જે બાજુ ગયેલા તે બાજુ જવા માટે આરોપી તાત્કાલીક સારવાર વિભાગમાંથી જાય છે અને ત્યારબાદ બનાવ બન્યા બાદ આરોપી આ તાત્કાલીક સારવાર વિભાગમાંથી પરત થતા જોવા

મળે છે અને આ હકીકત માટે તાત્કાલીક સારવાર વિભાગમાં ફરજ બજાવતા તબીબો અને ત્યાં ફરજ પરના નિખિલભાઈ અને અમિતભાઈનો પુરાવો પણ અને આજ હકીકત જે સીસીટીવી ફુટેજમાં કેપ્ચર થયેલ છે તેના ઉપર આધાર રાખેલ છે તથા આરોપીએ ડીસ્કવરી કરી આપેલ હથિયાર ઉપર અને તેની સાથે એફ.એસ.એલ.ના પુરાવા ઉપર આધાર રાખેલ છે.

**(એ) ગુજરનારે કરેલ ઓરલ ડી.ડી. ઉપર :**

જેમાં પ્રથમ ઓરલ ડી.ડી. સાહેદ નિખિલભાઈ અને સાહેદ અમિતભાઈની હાજરીમાં કરેલ છે અને ત્યારબાદ તબીબ ચાર્મીબેન અને નિકિતાબેનને સારવાર દરમ્યાન ગુજરનારે કરેલ છે અને ત્યારબાદ ગુજરનારના પુત્ર કલ્પિતને નિવેદન કરેલ છે.

**(૧૭)ઓરલ ડી.ડી. અંગે :**

**૧૭.૧ સૌ પ્રથમ ઉપરોકત સાહેદો કે જેમની રુબરુ ઓરલ ડી.ડી. કરેલ છે તેઓ ત્યાં હાજર હતા કે કેમ? તે બાબતે :**

**૧૭.૨** આ કામમાં તબીબ ચાર્મીબેને પી.ડબલ્યુ.૧૫ તરીકે આંક-૮૭ થી પુરાવો આપેલ છે અને તેમાં પેરા-૧ માં તેઓ મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા તેવી હકીકત જણાવેલી છે અને પેરા-૨ અને નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૨) તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ મારી ફરજ તાત્કાલીક સારવાર વિભાગમા હતી અને મારો સમય રાતના આઠ વાગ્યાથી તા.૦૧/૦૯/૨૦૨૩ ના સવારના આઠ વાગ્યા સુધીનો હતો.

Sessions Judge
Junagadh

મારી સાથે તે જ દીવસે ડો.નીકીતા ઉસદડ,નર્સીંગ સ્ટાફમા રાનીબેન,હર્ષાબેન તથા સર્વન્ટમા અમીતભાઈ, નીખીલભાઈ અને ધ્રુવભાઈ અને સીકયુરીટી વિગેરે લોકો ફરજ પર હતા.''

**૧૭.૩** ઉપરોકત બાબતે ઉલટ તપાસ જોવામાં આવે તો, પેરા–૧૫ મા નીચે મુજબની હકીકત આવે છે.

''(૧૫) એ વાત ખરી છે કે, મારા પોલીસ રૂબરૂના નિવેદનમા જાન્યુઆરી–૨૦૨૩ થી નોકરી કરુ છુ તેવી હકીકત લખાવેલ હતી. હું સીવીલ હોસ્પીટલ,જુનાગઢમા નોકરીમા લાગેલી ત્યારથી આ અરવિંદભાઇને ઓળખતી હતી.''

**૧૭.૪** વધુમાં, સાહેદ તબીબ નિકિતાબેને પી.ડબલ્યુ.૧૭ તરીકે આંક–૧૦૦ થી પેરા–૧, ૨ અને ૩ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧) હું છેલ્લા ૧૫ માસથી મારા લગ્ન થતા લંડનમા હૈરો મુકામે મારા પતિ સાથે રહુ છુ. અત્યારે હાલ હું માસ્ટર(ડોકટર) ના એડમીશન માટે તૈયારી કરી રહી છુ તે પહેલા હું મેડીકલ ઓફીસર તરીકે જુનાગઢ સીવીલ હોસ્પીટલમા પણ ફરજ તા.૧૧/૦૯/૨૦૨૩ ના અરસામા હું મારી ફરજ બજાવતી હતી.

(૨) ગઈ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ ના સાંજના કલાક ૦૮:૦૦ થી તા.૦૧/૦૯/૨૦૨૩ ના સવારના ૦૮:૦૦ કલાક સુધી તાત્કાલીક સારવાર વિભાગમા મારી ફરજ પર હતી અને તે વખતે મારી સાથે ડો.ચાર્મી ભેંસદડીયા અને નર્સીંગ સ્ટાફમા રાનીબેન,હર્ષાબેન તથા સર્વન્ટમા અમીતભાઈ, નીખીલભાઈ અને ધ્રુવભાઈ અને સીકયુરીટી વિગેરે લોકો ફરજ પર હતા.

(૩) અમારી સીવીલ હોસ્પીટલ,જુનાગઢમા અરવિંદભાઈ પી.એમ.રૂમમા ફરજ બજાવતા હતા જેથી હું તેમને ઓળખુ છુ. બનાવ રાત્રીના ત્રણેક વાગ્યાની આજુબાજુ બનેલો હતો. અરવિંદભાઇ રાત્રે એક વાગ્યાના આસપાસ અમારા તાત્કાલીક વિભાગમા આવીને પેન્ટ્રી વિભાગમા ગયેલા હતા.

અમો બધા આ તાત્કાલીક સારવાર વિભાગમા હતા ત્યારે પેન્ટ્રી વિભાગમાથી રાડારાડીનો અવાજ આવેલો અને અમે બધા અમારી સીટ ઉપરથી ઉભા થઈ ગયેલા અને અમારી સાથે ફરજ બજાવતા નિખીલભાઈ પેન્ટ્રી રૂમ બાજુ ગયેલા. અમે પેન્ટ્રી રૂમમાથી એક વ્યકિત જે સીવીલ હોસ્પીટલમા સર્વન્ટ તરીકે નોકરી કરતો હતો અને પાછળથી તેનુ નામ જાણતા તે અતુલ નામનો હતો અને તેને બહાર આવતા જોયેલો. આ અતુલ દોડીને પેન્ટ્રી વિભાગમાથી આવેલો અને તેના હાથમાં છરી હતી તે ચું દડીમા વીંટાળતો–વીંટાળતો આવતો હતો અને તે દોડીને જતો રહેલો અને તેની પાછળ અમારા પટાવાળા નિખીલભાઈ દોડીને ગયેલા.''

**૧૭.૫** ઉપરોકત બાબત ઉલટ તપાસ જોવામાં આવે તો પેરા–૧૭ માં નીચે મુજબની હકીકત આવે છે.

''(૧૭) એ વાત ખરી છે કે, હું અને આર્મીબેન એમ.બી.બી.એસ. પુરુ કર્યા બાદ સરકારના બોન્ડ ઉપર જુનાગઢ સીવીલ હોસ્પીટલમા ફરજ બજાવતા હતા. એ વાત ખરી છે કે, અમારાથી કોઈ સીનીયર જે બોન્ડ ઉપર ન હોય તેવા મેડીકલ ઓફીસર તે દીવસે અમારી સાથે ફરજ ઉપર ન હતા.''

**૧૭.૬** આમ, ઉપરોકત બંને તબીબોની સરતપાસ અને ઉલટ તપાસ જોતા બંને તબીબો બનાવ વખતે તાત્કાલીક સારવાર વિભાગમાં ફરજ બજાવતા હતા અને તેમનો સમય તા.૩૧–૮–૨૩ ના રાતના ૮–૦૦ વાગ્યાથી તા. ૧–૯–૨૩ ના રોજ સવારના ૮–૦૦ વાગ્યા સુધી હતો અને તે સંજોગોમાં બનાવ વખતે આ બંને સાહેદો તાત્કાલીક સારવાર વિભાગમાં એક તબીબ તરીકેની ફરજમાં એટલે કે, મેડીકલ ઓફિસર તરીકે હાજર હતા તે હકીકત સાબીત થાય છે.



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

તેજ રીતે, સાહેદ ચાર્મીબેન અને બીજા તબીબ નિકિતાબેને બનાવ વખતે ત્યાં અમિતભાઈ અને નિખિલભાઈ હાજર હતા તે હકીકત જણાવેલી છે તે સંજોગોમાં નેચરલ રીતે ઉપરોકત બંને તબીબો તથા સાહેદ નિખિલભાઈ અને અમિતભાઈને તાત્કાલીક સારવાર વિભાગમાં હાજરી હતી તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**૧૭.૭** વધુમાં, આ કામમાં પી.ડબલ્યુ.૧૬ માધવભાઈએ આંક–૯૩ થી પુરાવો આપેલ છે અને તેઓએ પેરા–૧ અને ૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૧) મે બી.કોમ બાદ પોસ્ટ ગ્રેજુએટ ડીપ્લોમા ઈન કોમ્યુટર એપ્લીકેશનની ડીગ્રી ધરાવુ છુ. હું છેલ્લા પાંચ વર્ષથી સીવીલ હોસ્પીટલ,જુનાગઢમા સીસ્ટમ ઓફીસર તરીકે ફરજ બજાવુ છુ. મારે સી.સી.ટી.વી.કેમેરા મેન્ટેઈન કરવાના, જેમાં તે જોવાના, તે ચાલુ છે કે કેમ? તે કામગીરી આવે છે. મને સને–૨૦૧૯ મા મારે શું કામ કરવુ તે મને નિમણુંક વખતે સરકારે આપેલ છે.

(૨) સીવીલ હોસ્પીટલમા લગાવેલા સી.સી.કેમેરા તેના સર્વર અને બેકઅપનુ નિભાવ વિગેરે મારે કરવાના હોય છે. સી.સી.ટી.વી. કેમેરા અને સર્વરની કસ્ટડી સીવીલ હોસ્પીટલની છે પરંતુ તે અંગે મારી ફરજમા આવે છે.''

**૧૭.૮** વધુમાં, ઉપરોકત સાહેદે પેરા–૩ માં એવી પણ હકીકત જણાવેલ છે કે,

''(૩) અમારી જુનાગઢ સીવીલ હોસ્પીટલમા તાત્કાલીક સારવાર વિભાગમા હત્યાનો બનાવ બનેલો તે બાબતે સપ્ટે.મહીનામા બે વર્ષ પહેલા પોલીસ મારી પાસે આવેલી અને પોલીસે મને બનાવથી વાકેફ કરેલ અને મને મારા સી.સી.ટી.વી.કેમેરાના ફુટેઝો મારી પાસે માં ગેલા અને સી.સી.ટી.વી.ફુટેઝ તાત્કાલીક સારવાર વિભાગ,ગેઈટના વિગેરે ફુટેઝ મારી પાસે માંગેલા

હતા અને તે મે બે પેન ડ્રાઈવના રૂપમા પોલીસને આપેલા હતા. જે પૈકીની એક પેન ડ્રાઈવ ૧૬ જી.બી.ની હતી અને બીજી પેન ડ્રાઈવ આઠ જી.બી.ની હતી અને તે બંને પેન ડ્રાઈવમા ફોટાઓ તથા સી.સી.કેમેરા ફુટેઝ મે પોલીસને આપેલા હતા અને તે પેન ડ્રાઈવ વીસ–પચ્ચીસ ફોટાઓ તથા વિડીયો હતા તે પોલીસને આપેલા હતા.''

**૧૭.૯** વધુમાં ઉપરોકત સાહેદે પેરા–૬ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૬) મને મુદામાલ આર્ટીકલ માર્ક ''વી'' વાળી જેને કામચલાઉ આંક–૯૧ વાળી પેન ડ્રાઈવ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે, તે પેન ડ્રાઈવમાં તમામ ફોટાઓ તથા વિડીયો છે અને તે **૮ જી.બી.ની પેન ડ્રાઈવ** છે જે નામ.કોર્ટના કોમ્પ્યુટરમા ચાલુ કરીને બતાવતા તે જોઈને જણાવુ છુ કે, આ મે જુનાગઢ એ ડીવી.પોલીસને આપેલી તે જ છે જે પેન ડ્રાઈવના ફુટેઝના વિડીયો અને ફુટેજને ડાઉન લોડ કરી મે આપેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છુ અને આ બાબતે મે આંક–૯૪ વાળુ સર્ટીફીકેટ આપેલ તે જ છે. **કામ ચલાઉ આંક–૯૧ ને પાકો આંક–૯૧** આપવામા આવે છે.''

**૧૭.૧૦** વધુમાં, આ સાહેદે જે એકચયુઅલ વેરીએશન સમય બાબતે આવે છે તે અંગે પણ સરતપાસના પેરા–૮ અને ૯ માં વિગત જણાવેલી છે.

''(૮) અમારા સી.સી.કેમેરા ફુટેઝના વેરીએશન માટે પોલીસે મારી પુછપરછ કરેલ હતી અને આ બાબતે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા યોગ્ય ખુલાસો કરેલ હતો. મે સાચો સમય કેમેરામા બતાવે તે માટે કેમેરા ફીટ કરનાર કંપનીને તે માટે જાણ કરેલી હતી અને તેનો કોન્ટ્રાકટ પુરો થઈ ગયેલ હોવાથી તેઓ આ સમય સેટ કરી ગયેલ નથી. ચોકકસ કેટલો સમય કેમેરાઓ આગળ–પાછળ નિયત સમય કરતા બતાવે છે તે અંગે મારે ડીટેઈલ જોવી પડે તે માટે મુલત્વી રાખવામા આવે છે.

(૯) માર્ક ''યુ'' –આંક–૯૭ વાળી મુદામાલ પેન ડ્રાઈવ કોમ્પ્યુટરમા ચાલુ કરીને બતાવતા તેમા રહેલ emerguncy hall વાળુ ફોલ્ડર ખોલીને જોતા તેમા વર્ષ બાય ડીફોલ્ટ

૨૦૦૦ બતાવે છે. ફરીથી આ બાબતે સાહેદ સમય માંગતા હોય સાહેદની વધુ સરતપાસ માટે મુલત્વી.''

**૧૭.૧૧** વધુમાં, આંક–૯૧ અને ૯૭ થી અનુક્રમે સીસીટીવી ફુટેજ રજુ થયેલ છે તે સીસીટીવી કેમેરા અને સર્વરની કસ્ટડી સીવીલ હોસ્પીટલની હતી પરંતુ સીસ્ટમ ઓફિસર તરીકે તેમની ફરજ હતી તેવી હકીકત જણાવેલી છે. ઉપરોકત બંને સીસીટીવી ફુટેજ એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ છે અને એફ.એસ.એલ. એ જે રીપોર્ટ આંક–૧૭૩ થી આપેલ છે તે નીચે મુજબ છે.

''પરીક્ષણ કાર્યની વિગત :

(૧) પેન ડ્રાઈવ MARK-U અને MARK-V માની દરેક વીડીયો રેકોર્ડીંગમાં સાત્યતા અંગેનું પરીક્ષણ કરવામાં આવ્યુ.

(૨) પેન ડ્રાઈવ MARK-U અને MARK-V માની વીડીયો રેકોર્ડીંગમાં જેમાં MARK-W માની વ્યકિતની હાજરી અંગેનું પરીક્ષણ કરવામાં આવ્યુ.

અભિપ્રાય :

(૧) પેનડ્રાઈવ MARK-U અને MARK-V માની દરેક વીડીયો રેકોર્ડીંગમા START અને END પોઝીશન વચ્ચે કોઈપણ પ્રકારની છેડછાડના ચિન્હો જોવા મળેલ નથી.

(૨) MARK-W માની વ્યકિત અને MARK-U માની વીડીયો રેકોર્ડીંગમાંથી કેપ્ચર કરેલ ફ્રેમોમાં દેખાતી વ્યકિતના ચહેરા સાથે સામ્યતા જોવા મળેલ જેથી આ બંને વ્યકિત એક જ વ્યકિત હોવાનો નિર્દેશ કરે છે.

(૩) MARK-U માની વીડીયો રેકોર્ડીંગમાંથી કેપ્ચર કરેલ ફ્રેમો Annexure-1 તરીકે તેમજ તેની સોફટ કોપી CD-R (Lab Stock) આ અહેવાલ સાથે સામેલ છે.

(૪) પેનડ્રાઈવ MARK-U અને MARK-V માની દરેક વીડીયો રેકોર્ડીંગની હેષ વેલ્યુનું લીસ્ટ આ સાથે સામેલ છે.''

**૧૭.૧૨** આમ, ઉપરોકત સીસીટીવી ફુટેજમાં કોઈ એડીટીંગ વગેરે થયેલ નથી તે હકીકત પણ સાબીત થાય છે.

**૧૭.૧૩** ઉપરોકત સીસીટીવી ફુટેજ એ ઈલેકટ્રોનિકસ રેકર્ડ છે અને તેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

''**65B. Admissibility of electronic records :-**

(1) Notwithstanding anything contained in this Act, any information contained in an electronic record which is printed on a paper, stored, recorded or copied in optical or magnetic media produced by a computer (hereinafter referred to as the computer output) shall be deemed to be also a document, if the conditions mentioned in this section are satisfied in relation to the information and computer in question and shall be admissible in any proceedings, without further proof or production of the original, as evidence of any contents of the original or of any fact stated therein or which direct evidence would be admissible.

(2) The conditions referred to in sub-section (1) in respect of a computer output shall be the following, namely :-

(a) the computer output containing the information was produced by the computer during the period over which the computer was used regularly to store or process information for the purposes of any activities regularly carried on over that period by the person having

lawful control over the use of the computer;

(b) during the said period, information of the kind contained in the electronic record or of the kind from which the information so contained is derived was regularly fed into the computer in the ordinary course of the said activities;

(c) throughout the materiel part of the said period, the computer was operating properly or, if not, then in respect of any period in which it was not operating properly or was out of operation during that part of the period, was not such as to affect the electronic record or the accuracy of its contents; and

(d) the information contained in the electronic record reproduces or is derived from such information fed into the computer in the ordinary course of the said activities.

(3) Where over any period, the functions of storing or processing information for the purposes of any activities of any regularly carried on over that period as mentioned in clause (a) of sub-section (2) was regularly performed by computer, whether- (a) by a combination of computers operating over that period; or (b) by different computers operating in succession over that period; or (c) by different combinations of computers operating in succession over that period; or (d) in any other manner involving the successive operation over that period, in whatever order, of one or more computers and one or more combinations of computers. all the computers used for that purpose during that period shall be treated for the purposes of this section as constituting a single computer; and references in this section to a computer shall be construed accordingly.

(4) In any proceedings where it is desired to give a statement in evidence by virtue of this section, a certificate doing any of the following things, that is to say,-

(a) identifying the electronic record containing the statement and describing the manner in which it was produced;

(b) giving such particulars of any device involved in the production of that electronic record

as may be appropriate for the purpose of showing that the electronic record was produced by a computer;

(c) dealing with any of the matters to which the conditions mentioned in sub-section (2) relate, and purporting to be signed by a person occupying a responsible official position in relation to the operation of the relevant device or the management of the relevant activities (whichever is appropriate) shall be evidence of any matter stated in the certificate; and for the purpose of this sub-section it shall be sufficient for a matter to be stated to the best of the knowledge and belief of the person stating it. 1[Provided that if the Court records the evidence through audio-video electronic means. computer or any other electronic device, the provision of this sub-section shall not apply.]

(5) For the purposes of this section,-

(a) information shall be taken to be supplied to a computer if it is supplied thereto in any appropriate form and whether it is so supplied directly or (with or without human intervention) by means of any appropriate equipment;

(b) whether in the course of activities carried on by any official, information is supplied with a view to its being stored or processed for the purposes of those activities by a computer operated otherwise than in the course of those activities, that information, if duly supplied to that computer, shall be taken to be supplied to it in the course of those activities;

(c) a computer output shall be taken to have been produced by a computer whether it was produced by it directly or (with or without human intervention) by means of any appropriate equipment.

Explanation.- For the purposes of this section any reference to information being derived from other information shall be a reference to its being derived there from by calculation, comparison or any other process."

**૧૭.૧૪** વધુમાં, ઉપરોકત કલમ અન્વયેનું સર્ટિફિકેટ પણ આ સીસ્ટમ

ઓફિસરે આપેલ છે જે આ કામે આંક–૯૪ થી રજુ છે.

**૧૭.૧૫** આમ, ઉપરોકત કલમ–૬૫–બી મુજબ આ એક ડોકયુમેન્ટ બને છે અને આ અંગે તબીબ ચાર્મીબેને સીસીટીવી ફુટેજ જોયા બાદ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેમાં પેરા–૧૧ અને ૧૨ માં નીચે મુજબની હકીકત જણાવવામાં આવેલી છે.

''(૧૧) મને મુદામાલ આર્ટીકલ માર્ક ''વી'' વાળી પેન ડ્રાઈવમા રહેલ ફોલ્ડરtatkalik_NVR6_20230901023957_20230901024455_277808.mp4મને બતાવામા આવે છે તેમા હું અને નિકીતાબેન બંને અમારા ટેબલ ઉપર બેઠેલા છીએ અને ત્યાંથી આરોપી એક દરવાજેથી આવી પેન્ટ્રી રૂમ તરફ જાય છે અને તેના ડાબા હાથમા કાળા કલરની ચુંદડી દેખાય છે. (૧૨) મને tatkalik_NVR 6_20230901024953_20230901025451_280923.mp4 ચાલુ કરીને બતાવવામા આવે છે તેમાં હું, નીકીતાબેન તથા ઈન્ટર્ન સ્ટુડન્ટ ભાવેશભાઈ બેઠેલા છીએ જેમાં એક ટેબલ ઉપર આ ભાવેશભાઈ અને વચ્ચેના ટેબલ ઉપર હું અને મારી જમણી સાઈડના ટેબલ ઉપર નીકીતાબેન બેઠેલા છીએ અને ત્યારે નીખીલભાઈ દોડીને પેન્ટ્રી રૂમ તરફ જાય છે અને ત્યારબાદ અમો બધા પણ ઉભા થઈને પેન્ટ્રી રૂમના દરવાજા તરફ જઈએ છીએ અને તેમાં નર્સ રાણીબેન પણ હતા. ત્યારબાદ આરોપી જમણા હાથમાં છરી જે કાળા કલરની ચુંદડીમા વીંટાળીને તે લઈને ભાગે છે અને તેની પાછળ નીખીલભાઈ ભાગે છે અને ત્યારબાદ ઈજા પામનાર અરવિંદભાઈને આ રૂમમા લાવવામા આવે છે અને તેમની સારવાર ચાલુ કરીએ છીએ.''

**૧૭.૧૬** આ કામમાં આંક–૧૦૧ થી તબીબી પેપર્સ રજુ થયેલ છે અને તેમાં એવી હકીકત આવે છે કે,

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. JUNAGADH DISTRICT सत्यमेव जयते

''અતુલે CR-0PD ના પેન્ટ્રી રૂમમાં  હમણા જ (4-5 mins પેલા) છરીથી મારેલ છે.''

**૧૭.૧૭** આ અંગે તબીબ ચાર્મીબેને પણ મેડીકલ હીસ્ટ્રી અંગે પેરા–૪ માં જણાવ્યુ છે અને તબીબ નિકિતાબેને આ બાબતે  પેરા–૫ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૫) સારવાર દરમ્યાન અરવિદભાઈએ હીસ્ટ્રીમા જણાવેલુ કે,'' પેન્ટ્રી રૂમમા અતુલે છરીથી મારેલુ છે.'' **મને કામચલાઉ આંક–૮૮ વાળુ મેડીકલ સર્ટી બતાવવામા આવે છે તે મારા હસ્તાક્ષરમા છે અને તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને પાકો આંક–૮૮ આપવામા આવે છે.''**

**૧૭.૧૮** આમ, ઉપરોકત બીબોનો પુરાવો, ઉપરોકત ઈલેકટ્રોનિકસ રેકર્ડ લક્ષમાં લેતા  વ્યાજબી શકથી પર  એ હકીકત સાબીત થાય છે કે, બનાવ વખતે આ બંને તબીબો તથા સાહેદ નિખિલભાઈ અને સાહેદ અમિતભાઈની  ત્યાં હાજરી હતી કુદરતી નેચરલ ફરજના ભાગરૂપે.

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * जयते

## (૧૮) ઓરલ ડી.ડી. અંગે :

**૧૮.૧** સૌ પ્રથમ ઓરલ ડી.ડી. અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨(૧)  અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

''**32. Case in which statement of relevant fact by person who is dead or cannot be found, etc. is relevant :-**

-Statements, written or verbal, of relevant facts made by a person who is dead, or who

cannot be found, or who has become incapable of giving evidence, or whose attendance cannot be procured without an amount of delay or expense which, under the circumstances of the case, appears to the Court unreasonable, are themselves relevant facts in the following cases :

(1) When it relates to cause of death- When the statement is made by a person as to the cause of his death or as to any of the circumstances of the transaction which resulted in his death, in case in which the cause of that persons death comes into question. Such statements are relevant whether the person who made them. was or was not, at the time when they were made, under expectation of death, and whatever may be the nature of the proceeding in which the case of his death comes into question."

**૧૮.૨** આમ, ઉપરોકત કલમ લક્ષમાં લેતા જે કિસ્સામાં મૃત્યુના કારણનો પ્રશ્ન હોય તેમાં મૃત્યુના કારણ વિશે અથવા જે વ્યવહારના પરિણામે તેના સંજોગો દર્શાવતુ નિવેદન જો જે વ્યકિત મૃત્યુ પામી હોય તેને કરેલુ હોય તો તે પ્રસ્તુત ગણાય છે.

**૧૮.3** ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ કથોપથિત એટલે કે, હીયર સે પુરાવાના અપવાદમાં પડતો પુરાવાનો ભાગ છે અને આવી જોગવાઈ કરવાનો હેતુ એવો હોય શકે છે કે, માનવી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે પરંતુ સંજોગોનું નિર્માણ કરી શરતો નથી, સંજોગો આપોઆપ ઉત્પન્ન થાય છે અને તે સંજોગોને પહોંચી વળવા માટે સીધો પુરાવો ન હોવા છતા અને હીયર સે પુરાવો હોવા છતા આ કલમ–૩૨ માં હીયર સે પુરાવાના અપવાદ સ્વરુપે લેવામાં આવેલ છે.

**૧૮.૪** આ કામમાં એ હકીકત બીનતકરારી છે કે, ગુજરનાર પોતે ગુરજી ગયા છે અને આ નિવેદન ગુજરનારનું છે તે સંજોગોમાં લેટીન સુત્ર ચિત્રમાં

આવે છે જે નીચે મુજબ છે.

''memo moriturus proesumitur mentiri. " A man will not meet his Maker with a lie in his mouth"

ઉપરોકત સુત્રના આધાર ઉપર મરણોન્મુખ નિવેદનને પ્રસ્તુત બનાવેલ છે અને વર્ષોના અનુભવ બાદ એવુ તારણ કાઢવામાં આવેલ છે કે અને ખાસ કરીને માનવ સ્વભાવ ઉપરથી તારણ કાઢવામાં આવેલ છે કે, મૃત્યુની સમીપ પહોંચી ચુકેલી વ્યકિત પોતાના મૃત્યુ અંગે સાચી વ્યકિતને છુપાવીને ખોટી વ્યકિતને સંડોવવાનો કોઈપણ વ્યકિત પસંદ કરે નહીં.

**૧૮.૫** વ્યકિત જે મૃત્યુની નિકટ હોય અને તે નિવેદન કરે અને તે નિવેદન ઉપરોકત કલમ–૩ર માં પડતુ હોય તો તે ગ્રાહય બને છે.

**૧૮.૬** અત્રે ધારાસભાએ નિવેદન લેખિત જ હોવુ જોઇએ તેવી જોગવાઈ કરેલ નથી પરંતુ નિવેદન શબ્દ વાપરેલ છે તે સંજોગોમાં નિવેદન લેખિત પણ હોય શકે અને મૌખિક પણ હોય શકે.

**૧૮.૭** હાલના કેસમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પ્રથમ આવુ ડી.ડી. સાહેદ નિખિલભાઈ રુબરુ કરેલ છે અને ત્યારબાદ જે તબીબો ફરજ ઉપર હાજર હતા તે તબીબ ચાર્મીબેન અને તબીબ નિકિતાબેનની હાજરીમાં કરેલુ છે અને ત્યારબાદ ગુજરનારના પુત્ર આવી જતા તેમના પુત્ર કલ્પિતભાઈ રુબરુ કરેલ છે. એ હકીકત બીનતકરારી છે કે, આ તમામ નિવેદનો ઓરલ ડી.ડી. પ્રકારના છે.



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. JUNAGADH DISTRICT सत्यमेव जयते

**૧૮.૮** જયાં સુધી, આવા ડી.ડી. નો પુરાવાકીય મુલ્યનો સવાલ છે જો આવુ ડી.ડી. ઓરલ હોય તો પણ અને તે નિવેદનમાં સચ્ચાઈ હોય અને તેવુ નિવેદન વિશ્વસનીય હોય તો તેવુ ઓરલ ડી.ડી. પણ માન્ય રાખી શકાય છે.

**૧૮.૯** અદાલતે આવા ઓરલ ડી.ડી. વખતે ચોકસાઈ રાખવાની હોય છે અને ખાસ જોવાનું હોય છે કે, તેવુ નિવેદન સચ્ચાઈ ભરેલુ છે અને વિશ્વસનીય છે અને જેની રુબરુ કરવામાં આવેલ છે તેને કોઈ રસ તો નથીને કે આરોપીને ખોટી રીતે કેસમાં સંડોવવાનો તેમજ કયારે, કયા સંજોગોમાં આ નિવેદન કરવામાં આવેલ છે તે હકીકત પણ અદાલતે લક્ષમાં લેવાની રહે છે.

**૧૮.૧૦**તપાસ એજન્સીની થીયરી મુજબ સૌ પ્રથમ ઓરલ ડી.ડી. ગુજરનારે સાહેદ નિખિલભાઈ જગદીશભાઈ સોલંકી રુબરુ કરેલ છે અને તે વખતે સાહેદ અમિતભાઈ પણ ત્યાં હાજર હતા. આ નિખિલભાઈ જગદીશભાઈ સોલંકીને આ કામમાં પી.ડબલ્યુ.૧૯ તરીકે આંક–૧૦૫ થી તપાસવામાં આવેલા છે અને આ ઓરલ ડી.ડી. બાબતે આ સાહેદે સોગંદ ઉપર સરતપાસમાં પેરા–૨ અને ૩ માં નીચે મુજબની જણાવેલ છે.

''(૨) મરણજનાર અરવિંદભાઈ અમારા તાત્કાલીક સારવાર વિભાગમા બેસવા આવેલા અને તે રાત્રે અઢી વાગ્યે અમારા તાત્કાલીક સારવાર વિભાગમા આવેલા અને પોણા ત્રણ વાગ્યે તાત્કાલીક સારવારમાથી અંદર આવેલા પેન્ટ્રી રૂમમા સુવા ગયેલા હતા અને અમે તાત્કાલીક સારવાર વિભાગમા અમારી ફરજ પર હાજર હતા. આ કામના આરોપી મોન્ટીભાઈ

**Sessions Judge**
**Junagadh**

તાત્કાલીક સારવાર વિભાગમા આવી હાથ ધોયેલા અને ત્યારબાદ પેન્ટ્રી રૂમ તરફ ગયેલા હતા અને પેન્ટ્રી રૂમમાથી થોડીવાર બાદ અવાજ આવેલો અને આ અવાજ ટેબલ પડવાનો આવેલો અને તેથી હું તે બાજુ ગયેલો.

(૩) ત્યારબાદ આરોપીએ મને કીધેલુ કે, અરવિંદભાઈને કાંઈક થયુ છે તુ તે બાજુ જા અને તે વખતે આરોપીના હાથમા ચુંદડી હતી જેમા છરી વીંટેલી હતી અને ત્યારબાદ હું અરવીંદભાઈ પાસે ગયેલો હતો અને મે અરવિંદભાઈને જોયેલા હતા તે ઈજાગ્રસ્ત હતા અને તેના આંતરડા બહાર નીકળી ગયેલા હતા અને ખુબ લોહી બહાર નીકળી ગયેલ હતા અને અરવિંદભાઈએ મને કીધેલુ કે, મોન્ટીભાઈ મને છરી મારીને ભાગી ગયેલા છે અને તુ તેને પકડ અને તેથી હું આરોપીને પકડવા ગયેલો પરંતુ આરોપી હું તાત્કાલીક સારવારના ગેઈટ સુધી પહોંચેલ ત્યાં સુધીમા તે ભાગી ગયેલો.''

**૧૮.૧૧** ઉપરોકત બાબતે ઉલટ તપાસ આરોપી તરફે થયેલ છે તે જોવામાં આવે તો, આ અંગે ખંડન કરવાનો કોઈ પ્રયત્ન થયેલ નથી.

**૧૮.૧૨** તપાસ એજન્સીની થીયરી મુજબ ઉપરોકત નિવેદન કર્યુ ત્યારે સાહેદ અમિતભાઈ શાંતીલાલ પણ ત્યાં આવી ગયેલ હતા. ઉપરોકત અમિતભાઈ શાંતીલાલ કડવાતરને પી.ડબલ્યુ. ૧૮ તરીકે આંક-૧૦૪ થી તપાસેલા છે અને ઉપરોકત સાહેદે સરતપાસના પેરા-૨ અને ૩ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૨) તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ મારી નોકરીનો સમય સાંજના આઠ વાગ્યાની સવારના આઠ વાગ્યા સુધીનો સીવીલ હોસ્પીટલમા તાત્કાલીક સારવાર વિભાગમા હતો.મારી સાથે બે મહીલા ડોકટર અને બે પટાવાળા અને નીખીલભાઈ અને ધ્રુવભાઈ ફરજ પર હતા. અરવિંદભાઈ સાંજના



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. JUNAGADH DISTRICT सत्यमेव जयते

અરસામા જ સીવીલ હોસ્પીટલમા આવેલા હતા અને મારી સાથે જ હતા અને તે રાત્રે અઢી વાગ્યાના અરસામા તેઓ તાત્કાલીક સારવાર વિભાગમાથી પેન્ટ્રી વિભાગમા સુવા માટે ગયેલા હતા.

(૩) ત્યારબાદ રાત્રે પોણા ત્રણ વાગ્યે પેન્ટ્રી રૂમ બાજુથી બચાવો–બચાવો એવો અવાજ આવેલો અને હું દોડીને તે બાજુ ગયેલો અને અતુલ ઉર્ફે મોન્ટી હું પેન્ટ્રી રૂમ તરફ જતો હતો ત્યારે તે હાથમા છરી અને ચુંદડી લઈને મળેલો અને હું અરવીંદભાઈ પાસે પહોંચેલો ત્યારે તેને કહેલ કે, અતુલ મને છરી મારીને ભાગી ગયેલ છે અને અરવિંદભાઈના આંતરડા બહાર નીકળી ગયેલ હતા અને તેના હાથમા અને પગમા પણ ઈજાના નિશાન હતા.''

**૧૮.૧૩** ઉપરોકત બાબતે જે ઉલટ તપાસ થયેલ છે તે જોવામાં આવે તો, ઉપરોકત બાબતનું કોઈ ખંડન થયેલ નથી.

**(૧૯) તબીબો રુબરુ કરેલ ડી.ડી. અંગે :**

**૧૯.૧** તપાસ એજન્સીની થીયરી મુજબ બનાવ તાત્કાલીક સારવાર વિભાગની બાજુમાં આવેલ પેન્ટ્રી રુમમાં બનેલ છે અને બનાવના દિવસે તાત્કાલીક સારવાર વિભાગમાં એમ.બી.બી.એસ. થયેલા તબીબ ડો.ચાર્મીબેન અને ડો. નિકિતાબેન ફરજ ઉપર હાજર હતા અને ઈજા બાદ તાત્કાલીક આ તબીબોએ ગુજરનારને સારવાર આપેલી છે અને તે વખતે ગુજરનારે ઓરલ ડી.ડી. દીધેલ છે.

**૧૯.૨ ડો.ચાર્મીબેનના પુરાવા અંગે :**

ઉપરોકત ચાર્મીબેને તેની સરતપાસમાં પેરા–૩ અને ૪ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) રાત્રે એક વાગ્યાની આસપાસ અમારા પી.એમ.રૂમના સર્વન્ટ અરવિંદભાઈ અમારા

તાત્કાલીક સારવાર વિભાગમા આવેલા અને થોડા સમય બાદ તે પેન્ટ્રી રૂમ બાજુ ગયેલા હતા. ત્યારબાદ રાત્રે પોણા ત્રણ વાગ્યાની આજુબાજુ પેન્ટ્રી રૂમમાથી બચાવો–બચાવો નો અવાજ આવેલ હતો અને અવાજ આવતા અમારા પૈકીની નીખીલભાઈ પેન્ટ્રી રૂમ તરફ ગયેલા હતા અને હું અમારા તાત્કાલીક સારવાર વિભાગમા હતી ત્યારે પેન્ટ્રી વિભાગ તરફથી એક વ્યકિત હાથમા છરી લઈને તે કાળા કલરની ચુંદડીમા વિટાળતો–વિટાળતો નીકળેલો અને નીખીલભાઈ તે વ્યકિતની પાછળ પણ દોડેલા અને અમિતભાઈ પેન્ટ્રી રૂમમાથી અરવિંદભાઈને તાત્કાલીક સારવાર તરફ લઈને આવેલા હતા. અરવિંદભાઈ લોહીલુહાણ હાલતમા હતા અને તેમને ડાબી કોણીથી ડાબા હાથમા ઈજા હતી અને ડાબા ખંભાથી જમણી કમર સુધી આગળના ભાગે ઈજાઓ હતી અને તેના આં તરડા બહાર નીકળી ગયા હતા અને તેને જમણી તથા ડાબી બાજુ ઈજાના નિશાનો હતા અને જમણા પગમા પણ ઈજાના નિશાનો જોયેલા હતા.

(૪) અમે અમારા તાત્કાલીક વિભાગમા અરવિંદભાઈને મે તથા મારા સાથી ડો.શ્રી નીકીતા બેન ઉસદડ વિગેરેએ પ્રાથમીક સારવાર આપેલી હતી. ડો.નીકીતાએ અમારી હાજરીમા સારવાર દરમ્યાન અરવિંદકાકાને બનાવ બાબતે પુછતા અરવિંદ કાકાએ જણાવેલ કે,'' અતુલ નામના વ્યકિતએ પેન્ટ્રી રૂમમા છરીથી માર મારેલ છે.''

**૧૯.૩** ઉપરોકત બાબતે જે ઉલટ તપાસ થયેલ છે તે જોવામાં આવે તો, ગુજરનારની સારવાર આ તબીબે આપેલી ત્યારે તેઓ બોલી શકે તેવી સ્થિતિમાં ન હતા તેવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ તે અંગે ઉલટ તપાસમાં એવી હકીકત આવેલી છે કે, ''એ વાત ખરી નથી કે, અરવિંદકાકાને થયેલી ઈજાઓમાં થયેલ રકતસ્ત્રાવને કારણે તે બોલી શકે તેવી સ્થિતિમા ન હતા.'' વધુમાં, આ સાહેદ અને ગુજરનારને સારા સબંધ હતા તેથી આવો પુરાવો આપે છે તેવી હકીકત લાવવા

માટે પણ પ્રયત્ન કરેલ છે પરંતુ તે અંગે એવો પુરાવો આવેલ છે કે, ''એ વાત ખરી નથી કે, મારે અરવિંદકાકા સાથે પર્સનલ સબંધ હતો તેથી હું તેમને અરવિંદકાકા તરીકે બોલાવતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યાં બધા કાકા કહેતા હતા તેથી હું પણ કાકા કહીને બોલાવતી હતી.''

**૧૯.૪ તબીબ નિકિતાબેનના પુરાવા અંગે :**

નિકિતાબેનને પી.ડબલ્યુ.૧૭ તરીકે આંક–૧૦૦ ના પુરાવાના પેરા–૩, ૪ અને ૫ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) અમારી સીવીલ હોસ્પીટલ,જુનાગઢમા અરવિંદભાઈ પી.એમ.રૂમમા ફરજ બજાવતા હતા જેથી હું તેમને ઓળખુ છુ. બનાવ રાત્રીના ત્રણેક વાગ્યાની આજુબાજુ બનેલો હતો. અરવિંદભાઈ રાત્રે એક વાગ્યાના આસપાસ અમારા તાત્કાલીક વિભાગમા આવીને પેન્ટ્રી વિભાગમા ગયેલા હતા. અમો બધા આ તાત્કાલીક સારવાર વિભાગમા હતા ત્યારે પેન્ટ્રી વિભાગમાથી રાડારાડીનો અવાજ આવેલો અને અમે બધા અમારી સીટ ઉપરથી ઉભા થઈ ગયેલા અને અમારી સાથે ફરજ બજાવતા નિખીલભાઈ પેન્ટ્રી રૂમ બાજુ ગયેલા. અમે પેન્ટ્રી રૂમમાથી એક વ્યકિત જે સીવીલ હોસ્પીટલમા સર્વન્ટ તરીકે નોકરી કરતો હતો અને પાછળથી તેનુ નામ જાણતા તે અતુલ નામનો હતો અને તેને બહાર આવતા જોયેલો. આ અતુલ દોડીને પેન્ટ્રી વિભાગમાથી આવેલો અને તેના હાથમાં છરી હતી તે ચું દડીમા વીંટાળતો–વીંટાળતો આવતો હતો અને તે દોડીને જતો રહેલો અને તેની પાછળ અમારા પટાવાળા નિખીલભાઈ દોડીને ગયેલા.

(૪) ત્યારબાદ પેન્ટ્રી રૂમમાથી અમીતભાઈ અરવિંદભાઈને તાત્કાલીક સારવાર વિભાગમા લઈને આવેલા અને તેઓ લોહીલુહાણ હાલતમા હતા અને તેના શરીર ઉપર ઈજાઓ હતી અને તેમના

આંતરડા બહાર નીકળી ગયેલા હતા અને મે તથા મારા સાથી ડો.ચાર્મીએ અરવિંદભાઈને પ્રાથમીક સારવાર આપી આઈ.સી.યુ.વિભાગમા ૩૦૨ મા મોકલી આપેલા હતા.

(૫) સારવાર દરમ્યાન અરવિદભાઈએ હીસ્ટ્રીમા જણાવેલુ કે,'' પેન્ટ્રી રૂમમા અતુલે છરીથી મારેલુ છે.'' **મને કામચલાઉ આંક–૮૮ વાળુ મેડીકલ સર્ટી બતાવવામા આવે છે તે મારા હસ્તાક્ષરમા છે અને તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને પાકો આંક–૮૮ આપવામા આવે છે.''**

**૧૯.૫** ઉપરોકત તબીબની જે ઉલટ તપાસ છે તેમાં આ અરવિંદભાઈ એટલે કે, ગુજરનાર નિવેદન આપી શકે તેવી સ્થિતિમાં ન હતા તેવી હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ ઉલટ તપાસમાં એવી હકીકત આવે છે કે, ''સવાલ : વ્યકિતનું મૃત્યુ થાય તેવી ઈજાઓ થાય તો તે તાત્કાલીક બેભાન થઈ જાય ? જવાબ : બેભાન થાય અને ન પણ થાય.'' આમ, ઓરલ ડી.ડી.ની હકીકતનું કોઈ ખંડન થયેલ નથી.

**૧૯.૬ ગુજરનારના પુત્ર કલ્પિતભાઈ રુબરુ કરેલ ઓરલ ડી.ડી. અંગે.**

ગુજરનારના પુત્ર કલ્પિતભાઈને પી.ડબલ્યુ.૨૦ થી આંક–૧૦૭ થી તપાસેલા છે અને કલ્પિતભાઈએ પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) મે મારા પિતાજીને બનાવ બાબતે પુછેલ તો તેણે જણાવેલ કે, હું અંદર પેન્ટ્રીમા સુતો હતો અને અતુલ પરમાર મને છરીના ઘા મારીને જતો રહેલ છે. આ દરમ્યાન અમારા ઘરના અન્ય સભ્યો પણ દવાખાને આવી ગયેલા હતા. ત્યારબાદ મારા પિતાને તાત્કાલીક સારવારમાથી વોર્ડ નં.૩૦૨ આઈ.સી.યુ.મા લઈ ગયેલા હતા અને હું દવાખાને નિખીલભાઈને મળેલો અને નીખીલભાઈએ મને બનાવ હકીકત જણાવેલી.''

**૧૯.૭** ઉપરોકત ઓરલ ડી.ડી. અંગે જે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમાં એવી હકીકત આવેલ છે કે, ''એ વાત ખરી નથી કે, મારા પિતા સાથે કોઈ વાતચીત થયેલ નથી. એ વાત ખરી નથી કે, હું ગયો ત્યારે મારા પિતા બેભાન અવસ્થામાં હતા.....**એ વાત ખરી છે કે,** રાજકોટ સીવીલમાં લઈ જતા પહેલા મે પોલીસને જાણ કરેલી કે, મારા પિતાએ મને જણાવેલ છે કે, આરોપીએ તેમના ઉપર હુમલો કરેલ છે.'' આમ, ઉપરોકત ઓરલ ડી.ડી. નું પણ કોઈ ખંડન આરોપી તરફે થઈ શકેલ નથી.

**(બી) સાંયોગિક પુરાવો :**

**૧૯.૮** અત્રે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ જેમાં સાબીતીની વ્યાખ્યા આપેલી છે તે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

ભારતીય પુરાવા ધારાની કલમ ૩ મુજબ સાબીતીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.

"proved" .A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

સાબીત:– '' એવી હકીકત સાબીત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા અદાલતને તેનુ અસ્તિત્વ છે તેમ માને અથવા તેવુ અસ્તિત્વ એટલી હદે સંભવીત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ આવી ધારણાથી વર્તે કે તેવુ અસ્તિત્વ છે. ઉપર ચર્ચા કરી તેમ ફરીયાદપક્ષે તેનો કેસ વ્યાજબી

શકથી સાબીત કરવાનો હોય છે. જ્યારે આરોપીપક્ષે તેવી હકિકત પ્રિ કોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે શક્યતાની બાહુલ્યતાના ધોરણે કરવાની હોય છે.

ફરીયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી, સાંયોગીક પુરાવાથી કે, આરોપીની કબુલાતથી પણ પુરવાર કરી શકે છે. ભારતીય પુરાવા ધારા કલમ ૫૯ મુજબ દસ્તાવેજની વિગત સિવાય તમામ હકીકતો મૌખીક પુરાવાથી સાબીત કરવાની હોય છે.

**૧૯.૯** મૌખીક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારા કલમ ૩ માં નીચે મુજબ આપેલી છે.

"Evidence" ."

Evidence" means and includes(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matter of fact under inquiry:

such statements are called oral evidence;

એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરુરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવો કહેવાય છે. ભારતીય પુરાવા ધારા કલમ ૬૦ મુજબ મૌખીક પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈએ. એટલે કે જ્યારે કોઈ વ્યકિત તેની પાંચ ઈન્દ્રીયોમાંથી કોઈપણ એક ઈન્દ્રીયથી કે વધારે ઈન્દ્રીયથી કોઈ હકીકત અનુભવે તેને પ્રત્યક્ષ પુરાવો કહે છે.

ભારતીય પુરાવા ધારાની જોગવાઈમા આ પ્રત્યક્ષ પુરાવાના કેટલાક અપવાદો આપવામા આવેલા છે અને આવા અપવાદો એટલે કે, રેસ ગેસ્ટેના સિધ્ધાંતમા પડતી કલમ ૬,૭,૮,૯,૧૪ તેમજ કલમ ૧૭ થી ૩૧ની જોગવાઈમા પડતો પુરાવો એટલે કે સ્વીકૃતી કે કબુલાત તેમજ કલમ ૩૨માં પડતો પુરાવો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદો છે અને જો તે પ્રત્યક્ષ પુરાવાના અપવાદથી કોઈ હકીકત સાબીત થાય તો તે પણ સબસ્ટેન્શીયલ એવીડન્સ ગણાય છે. સબસ્ટેન્શીયલ એવીડન્સ એટલે કે જેના

આધારે અદાલત કોઈ હકીકત સાબીત થાય છે તેમ માની શકે અને આવા સબસ્ટેન્શીયલ પુરાવાને કોઈના સમર્થનની જરૂરીયાત રહેતી નથી.

કેટલીકવાર સમગ્ર મુદા માંહેની તકરાર માટે સીધો પુરાવો હોય છે અને જયારે આવો સીધો પુરાવો ન હોય ત્યારે તેમા કડીઓ મેળવી સાંયોગીક પુરાવાથી કોઈ હકીકત સાબીત થઈ શકે છે.

સાંયોગીક પુરાવો એક એવો પુરાવો છે કે જેમા કોઈ સાહેદોએ પ્રત્યક્ષપણે કશુ અનુભવ્યુ હોતુ નથી પરંતુ સંજોગો એવા હોય છે કે જે કારણે મુદદા માહેની હકીકત સાબીત થાય છે અને આ સંજોગ એટલે બધા સબળ હોય છે કે તે સંજોગો ઉપર આધાર રાખવા એટલે કે હકીકત ન માનવા માટે અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી અને અન્ય પ્રકારની હકીકતના અસ્તિત્વ અંગે શંકા રહેતી નથી. સાંયોગીક પુરાવામાં બે ચાર કડી મહત્વની છે પરંતુ તમામ હકીકતની કડીબધ્ધતા અગત્યની બની જાય છે.

**૧૯.૧૦** હાલનો કેસ સાંયોગીક પુરાવા પર પણ આધારીત છે. અદાલતે કોઈપણ હકીકત અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે હકીકત રજુ થયેલ પુરાવા ઉપરથી નકકી કરવાનુ હોય છે અને અદાલત સમક્ષ ઉપર ચર્ચા કરી તે મુજબ સીધો પુરાવો પણ આવે છે અને સાંયોગીક પુરાવો પણ આવે છે. હાલના કેસમાં એ હકીકત બીનતકરારી છે કે, બનાવનો નજરે જોનાર સાહેદ નથી અને કોઈ હકીકતનુ અસિત્તવ સાબીત માનવુ કે કોઈ હકીકતનુ બીનઅસ્તિત્વ સાબીત માંનવુ તે વિષય પુરાવાના મુલ્યાંકનનો વિષય છે અને કોઈ હકીકત અસ્તિત્વમાં છે કે કેમ તેના આધારે અદાલત પક્ષકારોનો અધિકાર, જવાબદારી, ફરજ વિગેરે નકકી કરતી હોય છે. પુરાવો પ્રત્યક્ષ હોય કે સાં યોગીક હોય કે અન્ય રીતે હોય પરંતુ તે પુરાવો કોઈ હકીકતનુ અસિત્તવ અથવા બીનઅસ્તિત્વ માંનવા માટે વિશ્વસનીય છે કે કેમ તે સૌથી અગત્યની બાબત છે અને પુરાવાની વિશ્વસનીયતા રેકર્ડ ઉપર આવેલ સંજોગો અને મૌખીક પુરાવો હોય તો આરોપી અને ભોગબનનાર સાથેના આ સાહેદના સબંધ અને કઈ રીતે પુરાવો

આપે છે અને આ સાહેદનો લીટીગેશનમાં કોઈ અંગત રસ છે કે કેમ વિગેરે ઘણી બાબતો જેવી કે માનવસ્વભાવ, માનવ વ્યવહાર, માનવ વર્તન વિગેરે લક્ષમાં રાખી અદાલત કોઈપણ પુરાવાની વિશ્વસનીયતા નકકી કરે છે.

**૧૯.૧૧** સાંયોગીક પુરાવાની કોઈ વ્યાખ્યા ભારતીય પુરાવા ધારામાં નથી પરંતુ પુરાવો રજુ થાય અને જે ઘટના બને તેના ઉપરથી નકકી થાય છે કે પુરાવો સાંયોગીક છે કે કેમ. વિશ્વમાં દરેક ઘટના ભુતકાળની ઘટના સાથે જોડાયેલી હોય છે અને ભુતકાળની ઘટના હોય તોજ ભુતકાળની ઘટનાને આધારીત વર્તમાનની કે ભવિષ્યની ઘટના ઘટતી હોય છે અને એક ઘટના ઘટે અને પછી બીજી ઘટના ઘટે અને પછી ત્રીજી ઘટના ઘટે અને આ દરેક ઘટના માટે જે પુરાવો આવે તેને સાં યોગીક પુરાવો કહેવામાં આવે છે અને દરેક ઘટના/સંજોગો પક્ષકારે ભારતીય પુરાવા ધારામાં જણાવેલ એડમીશીબલ એવીડન્સથી જ પુરવાર કરવાની રહે છે એટલે કે એક ઘટના અને તે પછીની ઘટનાઓ પુરવાર કરવા માટે અદાલત સમક્ષ સબસ્ટેન્શીયલ પુરાવો એટલે કે તે પુરાવાથી કોઈ હકીકતનુ અસિત્તવ કે બીનઅસ્તિત્વ અદાલત ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ આધીન નકકી કરી શકે તેવો સબસ્ટેન્શીયલ અને એડમીશીબલ પુરાવો હોવો જોઈએ.

**૧૯.૧૨** સાંયોગીક પુરાવા અંગેના સિધ્ધાંતો જોવામાં આવે તો,

"(1) the circumstances from which the conclusion of guilt is to be drawn should be fully established. The circumstances concerned must or should and not may be established.

(2) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused, that is to say, they should not be explainable on any other hypothesis except that the accused is guilty;

(3) the circumstances should be of a conclusive nature and tendency;

(4) they should exclude every possible hypothesis except the

one to be proved; and

(5) there must be chain of evidence so complete as not to leave any reasonable ground for the conclusion consistent with the innocence of the accused and must show that in all human probability the act must have been done by the accused.

The Supreme Court also cited a passage in para 13 from Sir Alfred Wills' book "Wills' Circumstantial Evidence" (Chapter VI) containing rules as to evaluation of Circumstantial Evidence as under :

(1) the facts alleged as the basis of any legal inference must be clearly proved and beyond reasonable doubt connected with the factum probandum;

(2) the burden of proof is always on the part who asserts the existence of any fact, which infers legal accountability;

(3) in all cases, whether of direct or circumstantial evidence the best evidence must be adduced which the nature of the case admits;

(4) in order to justify the inference of guilt, the inculpatory facts must be incompatible with the innocence of the accused and incapable of explanation, upon any other reasonable hypothesis than that of his guilt;

(5) if there be any reasonable doubt of the guilt of the accused, he is entitled as of right to be acquitted."

Each and every incriminating circumstance must be clearly established by reliable and clinching evidence and the circumstances so proved must from a chain of events from which the only irresistible conclusion about the guilt of the accused can be safely drawn and no other hypothesis against the guilt is possible. In a case depending largely upon circumstantial evidence,

there is always a danger that conjecture or suspicion may take the place of legal proof. The Court must satisfy itself that various circumstances in the chain of events must be such as to rule out a reasonable likelihood of the innocence of the accused. When the important link goes, the chain of circumstances gets snapped and the other circumstances cannot in any manner, establish the guilt of the accused beyond all reasonable doubts. The Court has to be watchful and avoid the danger of allowing the suspicion to take the place of legal proof, for sometimes unconsciously it may happen to be a short step between moral certainty and legal proof. There is a long mental distance between "may be true" and "must be true" and the same divides conjectures from sure conclusions."

**૧૯.૧૩** આમ જુદા જુદા સંજોગો અથવા જુદી જુદી ઘટનાઓ મળી એક મોટી ઘટના બને છે જેમ કે ઝાડ માટે બીજ મેળવવુ તે ઘટના છે, ત્યારબાદ તે બીજને વાવવુ તે બીજી ઘટના છે ,ત્યારબાદ તે બીજને પાણી ખાતર આપવા તે ત્રીજી ઘટના છે , અને ત્યારબાદ તેમાંથી મોટુ વટવૃક્ષ થવુ તે પણ એક ઘટના છે. પરંતુ મુખ્ય ઘટના બી માં થી મોટુ ઝાડ થાય છે તે સૌથી મોટી ઘટના છે પરંતુ સ્વતંત્ર રીતે ઝાડ મોટુ વટવૃક્ષ થતુ નથી પરંતુ નાની નાની ઘટનાઓ મળી મોટુ વટવૃક્ષ બનાવે છે અને આમ વટવૃક્ષ બની જવુ તે કોઈ સ્વતંત્ર ઘટના નથી પરંતુ બી મેળવવાથી મોટા વટવૃક્ષ સુધીનુ ઘટનાઓ બને ત્યારે વટવૃક્ષ બને છે એટલે કે કોઈ ઘટના સ્વતંત્ર રીતે બનતી નથી પરંતુ દરેક ઘટના ભુતકાળની ઘટના ઉપર આધારીત હોય છે અને આ સિધ્ધાંતથી જયારે કોઈ સીધો પુરાવો અદાલતમાં ન આવે ત્યારે આવી ઘટનાઓ / સંજોગો મળી જે પરીણામ સુધી પહોચાય અને જે આખી ચેઈન જળવાય તેને પુરાવાની દૃષ્ટિએ

સાંયોગીક પુરાવો કહે છે અને દરેક ચેઈન એકબીજા સાથે મળતી હોવી જોઈએ તેમાં એક પણ ચેઈન મીસીંગ ન હોવી જોઈએ અને તમામ ઘટનાઓ અથવા તો સંજોગો અથવા તો આ ચેઈન છેલ્લે એક જ અનુમાન ઉપર વ્યાજબી શકથી પર અદાલતને દોરી જાય કે આ કૃત્ય આરોપીએ જ કરેલ છે તોજ સાંયોગીક પુરાવો હોય તો પણ આરોપીને કસુરવાન ઠેરવી શકાય પરંતુ કોઈ પણ જુદી જુદી ચેઈન પૈકી અથવા તો ઘટના પૈકી અથવા તો સંજોગો પૈકી કોઈ પણ એક ઘટના, સંજોગ કે ચેઈનમાં આરોપીની સંડોવણી અંગે વ્યાજબી શક ઉત્પન્ન થાય તો સાંયોગીક પુરાવાઓના આધારે આરોપીને કસુરવાન ઠેરવી ન શકાય.

**૧૯.૧૪** સાંયોગિક પુરાવામાં ગુજરનારને જે સ્થળ ઉપર ઈજાઓ કરવામાં આવેલ છે તે સ્થળ ઉપર આરોપીને જતા જોયેલા છે અને આરોપીના ગયા બાદ ગુજરનારે ઈજાથી બુમાબુમ કરેલ ત્યારબાદ આરોપીને પરત થતા જોયેલ છે અને આરોપીના હાથમાં છરી જોયેલ છે. વધુમાં, આ છરી ખરીદેલી છે તે પુરાવાથી તથા છરીની ડીસ્કવરી થયેલ છે તે સંજોગ ઉપર અને **છરી ઉપર ગુજરનારનું લોહી** આવેલ છે તે ડીસ્કવરી પંચનામા ઉપર અને **આરોપીના કપડા ઉપર લોહી** આવેલ છે તેના ઉપર તપાસ એજન્સીએ આધાર રાખેલ છે.

વધુમાં તાત્કાલીક સારવાર વિભાગના ઈલેકટ્રોનિકસ રેકર્ડ એટલે કે, સીસીટીવી ફુટેજ પણ રજુ કરવામાં આવેલ છે.

**Sessions Judge**
**Junagadh**

## ( ૨૦ ) ઉપરોકત પુરાવાઓનું મુલ્યાંકન :

**૨૦ .૧** આ કામમાં આંક–૯૧ અને આંક–૯૭ તે બંને ઈલેકટ્રોનિકસ રેકર્ડ એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬૫–બી મુજબના દસ્તાવેજ છે અને તે અંગે જે પુરાવો તબીબ ચાર્મીબેને ઉપર ચર્ચા કરી તે મુજબ આપેલ છે તે જોતા તેમાં આરોપી બનાવ પહેલા તાત્કાલીક સારવાર વિભાગમાંથી જતા દેખાય છે અને બનાવ બન્યાના થોડાક સમયમાં તાત્કાલીક સારવાર વિભાગમાં પરત આવી બહાર નીકળતા દેખાય છે અને ઉપરોકત જે ઈલેકટ્રોનિકસ રેકર્ડની હકીકત છે તે હકીકત તબીબ ચાર્મીબેન અને તબીબ નિકિતાબેનના પુરાવાને સમર્થન કરે છે.

**૨૦ .૨** વધુમાં, બનાવ સ્થળે ચાર્મીબેન તથા તબીબ નિકિતાબેનની હાજરી તથા સાહેદ અમિતભાઈઅ ને સાહેદ નિખિલભાઈની હાજરી એક નેચરલ હાજરી જણાય આવે છે અને તે ફરજના ભાગરુપે ત્યાં હાજરી છે. વધુમાં, તબીબ નિકિતાબેન અને તબીબ ચાર્મીબેન ગુજરનારના કોઈ સગા નથી પરંતુ, સરકારી દવાખાનામાં ફરજના ભાગરુપે સેવા બજાવે છે અને તેઓને કોઈ વિશેષ પ્રેમ ગુજરનાર પ્રત્યે નથી કે કોઈ દવેષભાવ આરોપી સાથે નથી અને તેથી આ બંને તબીબોનો પુરાવો એક સ્વતંત્ર પુરાવો છે અને જે રીતે ઈલેકટ્રોનિકસ રેકર્ડમાં આરોપી જતા આવતા આંક–૯૧ અને ૯૭ માં દેખાય છે અને તેજ રીતે, જે રીતે બંને તબીબો ગુજરનારની સારવાર કરતા દેખાય છે અને તેજ રીતે, સાહેદ અમિતભાઈ અને નિખિલભાઈ દેખાય છે તે સંજોગોમાં જે ઓરલ ડી.ડી. તબીબ ચાર્મીબેન

અને તબીબ નિકિતાબેન અને સાહેદ અમિતભાઈ અને નિખિલભાઈને આપેલ છે તે ડી.ડી. ગુજરનારે જ આપેલ છે તે હકીકત સાબીત થાય છે. વધુમાં મેડીકલ હીસ્ટ્રીના ભાગરુપે પણ આંક–૧૦૧ માં નોંધવામાં આવેલ છે અને તે સંજોગોમાં જે ડી.ડી.ની હકીકત કે આ ગુજરનારને જે ઈજાઓ થયેલી છે તે છરીથી આરોપીએ કરેલી છે તે ન માનવાનું કોઈ કારણ રહેતુ નથી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ ઉપરોકત તબીબોના પુરાવાથી, ઉપરોકત ઓરલ ડી.ડી. થી તથા ઈલેકટ્રોનિકસ રેકર્ડથી આ જે ઈજાઓ ગુજરનારને થયેલી છે તે આરોપીએ જ કરેલી છે તે હકીકત ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે અને આ ઓરલ ડી.ડી.ને સાંાયોગિક પુરાવો એટલે કે, ગુજરનાર જે બાજુ એટલે કે, પેન્ટ્રી રૂમ બાજુ ગયેલા છે ત્યાં આરોપી તાત્કાલીક સારવાર વિભાગમાં થઈ અને જાય છે અને બનાવ બન્યા બાદ આરોપી આ તાત્કાલીક સારવાર વિભાગમાંથી પરત જાય છે અને આ હકીકત બંને તબીબો અને સાહેદ નિખિલભાઈ અને અમિતભાઈએ જોયેલી છે અને આ જોયેલી હકીકતને ઈલેકટ્રોનિકસ એવીડન્સથી ઉપર ચર્ચા કરી તે મુજબ સમર્થન મળે છે.

**(૨૧) ડીસ્કવરી પંચનામા અંગે :**

**૨૧.૧** આરોપીએ હથિયાર જે જગ્યાએ સંતાડેલ તે તથા વાહન શોધી આપવાનું ડીસ્કવરી પંચનામુ પંચ લાભુભાઈ અને પંચ જેન્તીભાઈની હાજરીમાં તપાસ કરનાર અમલદાર એ.જી.જાદવે કરેલ છે અને ઉપરોકત પંચ લાભુભાઈ

અને જેન્તીભાઈને અનુક્રમે આંક–૫૯ અને ૭૨ થી તપાસવામાં આવેલા છે અને લાભુભાઈએ ફરીયાદપક્ષને તેની સરતપાસ અને પી.પી.શ્રીએ કરેલ ભા.પુ.ધા.ની કલમ–૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૧.૨** જયારે, પંચ જેન્તીભાઇએ આંક–૭૨ થી પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) ત્યારબાદ આરોપી અમો પંચો તથા પોલીસને ઝાડી ઝાખરાવાળી જગ્યાએ લઈ ગયેલ હતો અને ત્યાં એક સીમેન્ટની ફોલ્ડીગ દીવાલ હતી અને એંગલ હતા અને ત્યાંથી એક છરી કાઢી આપેલ હતી અને આ છરી કાળા કલરની ચુંદડીમા હતી. તે અમો પંચોની હાજરીમા કબ્જે લીધેલ હતુ અને તેનુ લખાણ કરેલ હતુ. મારી સાથે બીજા પંચ હતા તેનુ નામ મને યાદ નથી.''

**૨૧.૩** ઉપરોકત બાબત અંગે તપાસ કરનાર અમલદાર કે જેની રુબરુ આ ડીસ્કવરી પંચનામુ થયેલ છે તેઓએ પી.ડબલ્યુ. ૨૫ તરીકે આંક–૧૨૯ માં પેરા–૨૫ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૨૫) મે મારી તપાસ દરમ્યાન તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ કલાક ૧૦:૩૦ થી કલાક ૧૦:૪૫ સુધીનુ ડીસ્કવરી અંગેનુ પ્રાથમીક પંચનામુ તથા કલાક ૧૦:૪૫ થી કલાક ૧૧:૩૦ સુધીનુ બીજા ભાગનુ પંચનામુ પંચ –લાભુભાઈ પોલાભાઈ તથા બીજા પંચ–જેન્તીભાઈ નાનજીભાઈની હાજરીમા તૈયાર કરેલુ તૈયાર કર્યા બાદ તે પંચોને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ તે પંચનામામા પંચો ની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે મે સહી કરેલ હતી જે પંચનામુ આ કામે આંક–૬૧ થી રજુ છે જેમા બંને પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકેની મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ અને પંચનામાની

વિગતે આરોપીના કપડા મુદામાલ આર્ટીકલ માર્ક–આર, માર્ક–કયુ લીધેલા હતા. ''

**૨૧.૪** પરંતુ, ઉપરોકત જેન્તીભાઈનો પુરાવો જોતા અને તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા આરોપીએ પ્રાથમિક પંચનામા વખતે શું માહિતી આપી તેની કોઈ હકીકત જણાવેલ નથી અને તેથી ભારતીય પુરાવા ધારાની કલમ–૨૭ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

**"How much of information received from accused may be proved.27.**

provided that, when any fact is deposedto as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police officer, so much of such information,whether it amounts to a confession or not,as relates distinctly to the fact thereby discovered, may be proved."

આ કલમ ૨૭ જોતા તે કલમ ૨૫ અને ૨૬નો અપવાદ હોય તેવુ જણાઈ આવે છે કારણ કે, આ સેકશન પ્રોવાઈડેડ ધેટ તેવા શબ્દોથી શરૂ થાય છે. પોલીસ રુબરુ અને પોલીસ કસ્ટડી દરમયાન કરવામાં આવેલી કબુલાત કબુલાત કરનાર વ્યકિતની વિરૂધ્ધ સાબીત કરી શકાતી નથી તે કલમ ૨૫ અને ૨૬નો વિષય છે પરંતુ આ કલમ ૨૭ મુજબ જો વ્યકિત પોલીસ હવાલામાં હોય અને આવી વ્યકિત આ હવાલામાંથી ગુનાને લગતી કોઈ માહીતી આપે અને તે માહીતીના આધાર પર માહીતી મુજબની હકીકત મળી આવે તો તેવી હકીકત આરોપી વિરૂધ્ધ પુરવાર કરી શકાય છે. ભલે, આ માહીતી કબુલાત બનતી હોય કે ન બનતી હોય. મહત્વની બાબત આ કલમમાં એ છે કે કબુલાત કરતા જે માહીતી આપવામાં આવે છે તે માહીતી ઉપરથી



DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

મળી આવેલી હકીકત આ કલમ મુજબ મહત્વની છે.

વધુમાં મહત્વની બાબત આરોપીએ આપેલી માહીતી પરથી મળી આવેલી હકીકત છે કે જે હકીકત મળી આવી હોય તે હકીકત જુબાની રૂપે રજુ થવી જોઈએ અને આરોપીએ કરેલુ નિવેદન શબ્દશ: રજુ કરવામાં આવે તે હિતાવહ છે.

**૨૧.૫** આ કામમાં આરોપીએ શું માહિતી આપી તે માહિતી શબ્દશ: તપાસ કરનાર અમલદારે અદાલત રુબરુ જણાવેલી છે તે હકીકત તપાસ કરનાર અમલદારે જણાવેલ નથી અને તેજ રીતે, જે પંચો રુબરુ આ ડીસ્કવરી પંચનામુ થયેલ છે તે પંચોએ કોઈ સમર્થન આપેલ નથી અને જયારે પંચોએ કોઈ સમર્થન આપેલ નથી ત્યારે તપાસ કરનાર અમલદારથી પણ આ ડીસ્કવરી પંચનામુ સાબીત થઈ શકેલ હોત પરંતુ તપાસ કરનાર અમલદારે પ્રાથમિક પંચનામા વખતે એટલે કે, આરોપીએ શું માહિતી આપી તે શબ્દશ: મૌખિક પુરાવામાં આ તપાસ કરનાર અમલદારે જણાવેલ નથી અને પંચનામુ તે કોઈ ભારતીય પુરાવા ધારાએ જણાવેલ દસ્તાવેજી પુરાવો નથી પરંતુ તે માત્ર જે પંચનામા વખતે કાર્યવાહી થઈ હોય તેની માહિતી છે અને આ માહિતી મૌખિક પુરાવાથી રજુ કરવામાં આવે અને સાબીત કરવામાં આવે તોજ આવુ પંચનામુ સમર્થનકારી પુરાવા તરીકે આ મૌખિક પુરાવા સાથે જોઈ શકાય છે તે સંજોગોમાં ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર ડીસ્કવરી પંચનામુ સાબીત કરેલ નથી અને જયારે ડીસ્કવરી પંચનામુ જ સાબીત થયેલ નથી ત્યારે તે ડીસ્કવરીમાં બતાવેલ વસ્તુઓ ઉપર કોઈ એફ.એસ.એલ. નો પુરાવો મળી આવે તો પણ તે પુરાવો યોગ્ય

ડીસ્કવરી સાબીત ન થવાથી ફરીયાદપક્ષને મદદ કરતા નથી.

**(૨૨ ) આરોપીએ ખરીદ કરેલ છરી બાબતે :**

**૨૨.૧** આ કામમાં પી.ડબલ્યુ.૨૨ હરેશભાઈ ચૌહાણને આંક–૧૧૪ થી તપાસેલા છે અને તેમાં તેઓએ આરોપીને છરી વેચેલી તેવો પુરાવો આપેલ છે. આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, તેઓની દુકાનમાં ઘણા ગ્રાહકો ખરીદી કરવા આવે છે અને આ સાહેદ પોતે છરી, તલવાર વગેરેની દુકાન શ્રીરામ હેન્ડીક્રાફ્ટ નામની ચલાવે છે અને ત્યાં તેઓએ ચોપડો રાખેલ છે અને સીસીટીવી કેમેરા પણ આ સાહેદ પાસે છે તેવી હકીકત જણાવેલી છે અને આ આરોપીએ તેમની પાસેથી જુબાની આપે છે તેના બે વર્ષ પહેલા છરી ખરીદેલી તેવી હકીકત જણાવે છે. કોઈપણ વ્યકિત અદાલત રુબરુ જુબાની આપે ત્યારે તેમનો પુરાવો તાર્કીક રીતે માનવા લાયક છે કે કેમ તે અદાલતે જોવાનું હોય છે. ચોટીલા એવુ સ્થળ છે કે, ત્યાં હજારો અને લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ જતા આવતા હોય છે અને તે સંજોગોમાં આ સાહેદ એવુ જણાવે છે કે, બે વર્ષ પહેલા આરોપીને જોયેલા અને તે આરોપી છરી ખરીદી ગયેલા અને આરોપીને માત્ર એકવાર જ જયારે છરી ખરીદવા આવ્યા ત્યારે જોયેલા તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો આરોપીને ઓળખે છે અથવા તો આજ આરોપી છરી ખરીદી ગયા તે બાબતે માનવો તે યોગ્ય લાગતુ નથી અને વધુમાં તપાસ એજન્સીએ સીસીટીવી ફુટેજ આ દુકાનમાંથી

મેળવી શકી હોત તે મેળવેલ નથી તેમજ આરોપીની હાજરી બાબતે તેમના ફોનનું લોકેશન પણ તે દિવસનું મેળવી શકી હોત તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો સત્યતાથી ભરપુર નથી તે દલીલ સાથે અદાલત ડીફેન્સ વકીલશ્રીની દલીલ સાથે સહમત થાય છે.

**(૨૩) ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદો અંગે :**

**૨૩.૧** આ કામમાં કામમાં જે હકીકત ડી.ડી. સ્વરુપે ગુજરનારે તબીબ ચાર્મીબેન, તબીબ નિકિતાબેન, સાહેદ અમિતભાઈ અને સાહેદ નિખિલભાઈને જણાવેલી છે તે હકીકત ભારતીય પુરાવા ધારાની કલમ–૬ મુજબ સબસ્ટન્શીયલ પુરાવો બને છે અને તે માટે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**''6. Relevancy of facts forming part of same transaction :-**

Facts which, though not in issue, are so connected with a fact in issue as to form part of the same transaction, are relevant, whether they occurred at the same time and place or at different times and places.

**Illustrations**

(a) A is accused of the murder of B by beating him. Whatever was said or done by A or B or the by-standers at the beating, or so shortly or after it as to form part of the transaction, is a relevant fact.

(b) A is accused of waging war against the 1[ Government of India] by taking part in an armed insurrection in which property is destroyed troops are attacked and goals are broken open. The occurrence of these facts is relevant, as forming part of the general transaction, though A may not have been present at all of them.

(c) A sues B for a libel contained in a letter forming part of a correspondence. Letters between the parties relating to the subject out of which the libel arose, and forming part of the correspondence in which it is contained, are relevant facts, though they do not contain the libel itself.

(d) The question is, whether certain goods ordered from B were delivered to A. The goods were delivered to several intermediate persons successively. Each delivery is a relevant fact."

**૨૩.૨** આમ, બનાવ સ્થળે જે સાહેદો હતા તેઓને આ આરોપીએ ઉપરોકત હકીકત જણાવેલી છે તે હકીકત ભારતીય પુરાવા ધારાની કલમ–૬ મુજબ ભલે હીયર સે હોય પરંતુ તે રેસગેસ્ટે ના સિધ્ધાંત તથા કથોપથિત પુરાવાના (હીયર સે) સિધ્ધાંત મુજબ પ્રસ્તુત બને છે અને સબસ્ટન્શીયલ બને છે કારણ કે, નામ. સુપ્રિમ કોર્ટે બાલુ સુદામ ખલડે અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર નો જે ચુકાદો ૨૦૨૩ લાઈવલો (સુ.કો.) ૨૭૯ ઉપર પ્રદર્શીત થયેલ છે તેમાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતો પુરાવો પણ સબસ્ટન્શીયલ પુરાવો બને છે.

**(૨૪) ઉપરોક્ત પુરાવાથી સાબીત થતી બાબત :**

**૨૪.૧** આમ, નીચે મુજબની હકીકત વ્યાજબી શકથી પર ફરીયાદપક્ષે સાબીત કરેલ છે.

(એ) બનાવ સ્થળે એટલે કે, તાત્કાલીક સારવાર સ્થળે સાહેદ અમિતભાઈ, નિખિલભાઈ અને તબીબો ચાર્મીબેન અને નિકિતાબેનની હાજરી ફરજના ભાગરુપે કુદરતી રીતે છે.

(બી) આરોપી ઈલેકટ્રોનિકસ રેકર્ડ જે ઉપરોકત સાહેદોને સમર્થન કરે છે તે મુજબ તાત્કાલીક સારવાર વિભાગમાંથી અરવિંદભાઈ હતા તે બાજુ જાય છે અને બનાવ બાદ તરત જ તે બાજુથી તાત્કાલીક સારવાર વિભાગમાંથી બહાર જાય છે.

(સી) સાહેદ નિખિલભાઈ, અમિતભાઈ, તબીબો ચાર્મીબેન અને નિકિતાબેન રુબરુ કરેલ ડી.ડી. એક સબસ્ટન્શીયલ પુરાવો અને સત્યતાથી ભરપુર પુરાવો છે અને તેજ જે હકીકત ગુજરનારે બનાવ બાદ તરત જ કીધેલી છે તે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ મુજબ પણ સબસ્ટન્શીયલ પુરાવો બને છે.

આમ, જે ઈજાઓ ગુજરનારના શરીર ઉપર પી.એમ. કરેલ તબીબે જણાવી છે તે ઈજાઓ હાલના આરોપીએ જ છરી વડે કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(૨૫) ભોગ બનનારની હત્યા ઈ.પી.કો. ની કલમ–૩૦૦ માં પડે છે?**

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

## ૨૫.૧ સાઅપરાધ મનુષ્ય વધની વ્યાખ્યા નીચે મુજબ છે.

**299 : Culpable Homicide :** Whoever causes death by doing an act with the intention of causing death or with the intention of causing such bodily injury as is likely to cause death, or with the knowledge that he is likely by such act to cause death, commits the ofence of culpable homicide.

Illustrations (a) A lays sticks and turf over a pit, with the intention of thereby causing death, or with the knowledge that death is likely to be thereby caused. Z believing the ground to be frm, treads on it, falls in and is killed. A has committed the ofence of culpable homicide.

(b) A knows Z to be behind a bush. B does not know it. A intending to cause, or knowing it to be likely to cause Z's death, induces B to fre at the bush. B fres and kills Z. Here B may be guilty of no ofence, but A has committed the ofence of culpable homicide.

(c) A, by shooting at a fowl with intend to kill and steal it, kills B, who is behind a bush; A not knowing that he was here. Here although A was doing an unlawful act, he was not guilty of culpable homicide, as he did not intend to kill B, or to cause death by doing an act that he knew was likely to cause death.

Explanation I – A person who causes bodily injury to another who is labouring under a disorder, disease or bodily infrmity, and thereby accelerates the death of that other, shall be deemed to have caused his death.

Explanation 2 – Where death is caused by bodily injury, the person who causes such bodily injury shall be deemed to have caused the death, although by resorting to proper remedies and skilful treatment the death might have been prevented.

Explanation 3 – The causing of the death of a child in the mother's womb is not homicide. But it may amount to culpable homicide to cause the death of a living child, if any part of that child has been brought forth, though the child may not have breathed or been completely born."

સાપરાધ મનુષ્ય વધ બે પ્રકારના હોય છે. ૧ જે ખૂન ગણાય અને ૨. ખૂન ન ગણાય. અપરાધના તત્વોની વધઘટના કારણે ખૂન ગણાય અને ખૂન ન ગણાય તેમા તાત્રિક ભેદ પડે છે. મૃત્યુ નિપજાવવાનો ઈરાદો અથવા જેથી મૃત્યુ નિપજવા સંભવ હોય તેવી શારીરીક ઈજા પહોચાડવાની ઈજાઓ અથવા તેવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ હોય ત્યારે તે સાઅપરાધ મનુષ્ય વધ છે. ગુનાહિત ઈરાદો અથવા ગુનાહીત જ્ઞાનની ઉપસ્થિતી મનુષ્ય વધને સાઅપરાધ મનુષ્ય વધની વ્યાખ્યામાં લઈ

જાય છે અને તેની માત્રા પ્રમાણે તે ખૂન ગણાય છે કે ખૂન ગણાતુ નથી. અપરાધની માત્રા તેમજ ઈજાના પ્રકાર પરથી નકકી થઈ શકે કે ખૂન ગણવુ કે કેમ? માનસીક પ્રક્રિયા માટે કોઈ પુરાવો ઉપલબ્ધ હોતો નથી, સિવાય કે કૃત્ય કરનારની કાયદા મુજબની કબુલાત પુરવાર થતી હોય. માનસીક પ્રકિયા માટે બનાવનુ કારણ, ઈજાનો પ્રકાર, શરીરના જે અવયવ ઉપર ઈજા કરવામાં આવી હોય તે ભાગ, ઈજાની વ્યાપકતા, વાપરવામાં આવેલુ હથીયાર, બનાવનુ સ્થળ, બનાવનો સમય વિગેરે ઉપરથી નકકી થઈ શકે. તેમજ બનાવ પહેલાનુ, બનાવ પછીનુ વર્તન પસંદ કરવામા આવેલ જગ્યા, કૃત્ય માટેની તક વિગેરે બાબતો લક્ષમાં લેવી પડે છે.સાઅપરાધ મનુષ્ય વધના કિસ્સામાં ગુનાહિત ઈરાદો અથવા ગુનાહિત જ્ઞાન આ બેંકી એક તત્વ પુરવાર થાય તો બીજુ તત્વ પુરવાર કરવાની આવશ્યકતા નથી.ફરીયાદપક્ષ જો ગુનાહિત જ્ઞાન પુરવાર કરે તો ઈરાદો પુરવાર કરવાની જરુર નથી.

**(૨૬)સાપરાધ મનુષ્યવધ અંગે તબીબી પુરાવો:-**

**૨૬.૧** ઉપર ગુજરનારનું મૃત્યુ કુદરતી કે આત્મહત્યાથી નથી. તે પેરામાં ગુજરનારનું હત્યાને કારણે થયેલ છે તે હકીકત સાબીત થયેલ માનેલ છે તે સંજોગોમાં ઈ.પી.કોડની કલમ-૨૯૯ મુજબના તત્વો આરોપી સામે વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(૨૭) આ સાપરાધ મનુષ્યવધ ખૂન છે કે કેમ?**

**૨૭.૧** દરેક ખૂન સાપરાધ મનુષ્ય વધ છે પરંતુ દરેક સાઅપરાધ મનુષ્ય વધ ખૂન નથી હોતુ. આ માટે કલમ ૩૦૦ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

> **300 : Murder :** Except in the case hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, orSecondlyIf it is done with the intention of causing such bodily injury as the ofender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or Thirdly If it is done with intention of causing bodily injury to any person and the bodily

